# સહજ-સત્સંગ

અંક : ૨૮૮ વર્ષ : ૨૪ તંત્રી : માનસિંહભાઈ ચાવડા ડિસેમ્બર - ૨૦૧૨





## ત્ર્યંબકેશ્વરમ્

(નાશિક પાસે, ગોદાવરી કાંઠે, મહારાષ્ટ્ર)



# મા મીરાંબિકા

With our own perfection grows in us
a generous understanding of others.

- The Mother

## ઉદાર દૃષ્ટિ

ભાવાનુવાદ

પોત પોતાની પૂર્ણતા, પ્રાપ્ત કરતી જવી,
ધીરજ, સમતા, શાંતિથી, તપ-સાધના કરતી થવી.
પૂર્ણતા જેમ આવશે, અન્યોની પણ સમજણ,
ન ટીકા-ટીપ્પણી કદા, ન કોઈની પળોજણ.
ઉદાર દૃષ્ટિ વિકસશે, પ્રભુકાર્યની ઝલક,
હર વ્યકિતમાં તેને દિસે, માણે તું એ અપલક.

- શ્રી માતાજી

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૨૯-૩૧ ઑગસ્ટ ૧૯૧૪)



મનુષ્યના સર્જન પાછળનો હેતુ શો ? વિશ્વથી પર રહેલાં..... દિવ્ય - જીવનનાં સકલ વૈભવો અને સ્થૂળ-જગતનું આ ઘનઘોર..... અજ્ઞાન એ બેની વચ્ચે પુલ બાંધી દેવા..... એને સર્જ્યો ન હોય તો પછી બીજા શા કામ માટે તેને સર્જ્યો હશે ?

એ (માનવીરૂપી પુલ) એક મહાન ક્રૉસ છે, ચતુર્ભુજ કડી છે. આ ક્રૉસના ચાર હાથ જે બિંદુ આગળ ભેગા થાય છે તે અંતરિક્ષના જગતમાં માનવનું સાચું નિવાસસ્થાન..... મંડાવું જોઈએ.

આ કેન્દ્ર..... પરમપ્રેમનું, પૂર્ણચૈતન્યનું..... અખિલજ્ઞાનનું ધામ છે (૨૯-૮-૧૯૧૪)

આ પ્રચંડ ઊથલપાથલમાં..... કોઈ નવાં બી વાવવા માટે પૃથ્વીને તૈયાર કરવા જરૂરી ખેડાણ થઈ રહ્યું છે..... (તે) પૃથ્વીને નવી..... માનવજાતિનો પાક આપશે..... તારા દિવ્યતંત્રની રૂપરેખા ખૂબ સ્પષ્ટ બની ગઈ છે...... આ સ્થૂળ દેહધારી વ્યક્તિઓ..... જાણે છે કે તેમણે દેખાતાં ક્ષણિક પરિણામો સ્વીકારીને અને આવનારાં ચોક્કસ પરિણામોની પરવા કર્યા વિના, માનવજાતિને એક ડગલું નિશ્ચતપણે લેવડાવ્યું હશે....તારી સાથે તેઓ પોતાને એકરૂપ બનાવે છે..... એ ‘તત્’ જે પર રહેલું છે અને એ ‘તત્’ જે સર્વ આવિર્ભાવમય પણ છે, એ બન્ને સાથેની દ્વિવિધ એકરૂપતામાં તેઓ સંપૂર્ણ નિશ્ચિતિનો અસીમ આનંદ અનુભવે છે.

એ ‘તત્’ જે અવ્યક્ત છે, એનાં વધુને સમગ્ર અને સંપૂર્ણ આવિર્ભાવ માટેનો પોકાર લઈને તારી અનંતતાની અભીપ્સા એના પ્રતિ વળે છે. (૩૧-૮-૧૯૧૪)

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
| --- | --- |
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (સાધનાનો નૂતન તબક્કો) | ૩ |
| **શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન** | ૪ |
| **જાગો મા જાગો સપ્ત પદ્મે** | ૭ |
| **માતૃવાણી** (કાળ - પ્રગતિ - પૂર્ણતા - સફળતા - અંતિમ વિજય) | ૮ |
| **સાવિત્રી** (આપણા સ્વરૂપની સૂક્ષ્મ વાસ્તવિકતાઓ) | ૧૧ |
| **યોગ વિષે પત્રો** (અનુભૂતિઓની સત્યતા) | ૧૪ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (પ્રાચીન યોગોમાં અવતરણની ઘટના) | ૧૭ |
| **યોગ પર દીપ્તિઓ** (અંતઃકરણ) | ૧૯ |
| **ઉપનિષદો** (ઉપનિષદનું આયોજન) | ૨૧ |
| **સાંજના વાર્તાલાપો** (દુઃખ બાબત ભારતીય કલ્પના) | ૨૪ |

| શીર્ષક | પૃષ્ઠ |
| --- | --- |
| **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (દૈનિક જીવનમાં યોગ) | ૨૭ |
| **વેદ-રહસ્ય** (અશ્વિનીકુમાર ઇન્દ્ર અને વિશ્વદેવો) | ૨૯ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (માનવજીવનની રૂઢિપ્રિયતા) | ૩૩ |
| **સર્વાંગી આરોગ્ય** (દુઃખનું રૂપાંતર) | ૩૫ |
| **આત્મસિદ્ધિ** (ચૈત્યપુરુષનો આવિષ્કાર) | ૩૮ |
| **વેદવિજ્ઞાન** (દેવોનો માનવ સાથેનો સંબંધ) | ૪૨ |
| **માતાજીની આપણી પાસેથી અપેક્ષા** | ૪૪ |
| **સુંદર કથાઓ** (લગન) | ૪૫ |
| **શ્રી અરવિન્દ મહાસમાધિ દિન - ૫ ડિસે.** | ૪૬ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી** | **કવરપેજ ૪ ઉપર** |



મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**
અંક : ૨૮૯ વર્ષ : ૨૪
ડિસેમ્બર - ૨૦૧૨



સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા** મો.૯૮૨૪૩૭૩૯૨૯
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ-૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર** - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫


**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
**(કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ-રાજકોટ'**ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.


**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# સાધનાનો નૂતન તબક્કો

(પૃ.૧૭૦-૧૭૧)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજીને મનુષ્યના સર્જન પાછળનો દિવ્ય-હેતુ હવે સમજાવા લાગ્યો છે. જગતનાં ઊર્ધ્વ ગોલાર્ધમાં પ્રગટ દિવ્ય-જીવનનાં અનંત વૈભવો સચેતન અને પ્રકાશપૂર્ણ છે. નિમ્નગોલાર્ધમાં તેઓ અચેતન અને અવચેતનનાં ગાઢ અંધકારમાં છે અને તેથી નિર્માણ થતી યાતનાઓ પણ છે. આ બન્નેને જોડવા માટે જ પ્રભુએ માનવને રચ્યો છે.

માનવસ્વરૂપ એક ક્રૉસ જેવું છે તેના ચાર પાંખિયાં એ વ્યક્તિગત-જીવનનાં ભૌતિક, માનસિક (મનોમય+પ્રાણમય) અને ચૈતસિક અને વૈશ્વિક-જીવનની ચોથી પાંખનો મળીને થએલો ક્રૉસ છે. આ ચારે જીવન જ્યાં મળે છે તે સ્થાને માનવે પોતાની ચેતનાને સ્થિર કરીને આ ચારે જીવનોને સંવાદમય સ્થિતિમાં ગોઠવી દેવાનાં છે. આ જ તેનું દિવ્ય-કાર્ય છે.

આ જે ચારેનું મિલાપ-કેન્દ્ર છે તેમાં પ્રભુ સાથેની એકરૂપતા રૂપી પરમ પ્રેમ છે. તેમાં વ્યક્તિ, વૈશ્વિક અને તે બન્નેથી અતીત એવી વિશ્વાતીત-ચેતનાનો સંગમ પણ છે તે પૂર્ણ ચેતના સ્વરૂપ છે. તેમાં જ અખિલ બ્રહ્માંડનું સળંગ, સમગ્ર, જ્ઞાન ધરબાએલું છે. માનવે તે બધું પ્રાપ્ત કરવાનું છે.

આ કાર્યમાં બીજ વાવવા માટે જ સમગ્ર પૃથ્વી ઉપર આ ઊથલપાથલ થઈ રહી છે. અંતે, જ્યારે તે બી ફૂલશે - ફાલશે ત્યારે દિવ્ય-માનવનો પાક પૃથ્વી ઉપર લહેરાતો હશે.

પ્રભુનું આ વૈશ્વિક આયોજન હવે આપણને સ્પષ્ટ રીતે સમજાવા લાગ્યું છે. તે માટે પ્રભુએ અનેક આત્માઓને દેહ ધારણ કરવાની આજ્ઞા કરી છે અને તેઓ માનવ તરીકે જન્મ્યાં પણ છે. તેઓ પોતે જે કાર્ય કરી રહ્યાં છે તેના તરત મળતાં ક્ષણિક પરિણામો સ્વીકારી લે છે અને ભાવિ પરિણામોને પ્રભુ ઉપર છોડી દે છે.

(અનુ. પૃ. ૨૩ ઉપર)

# શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

(ગતાંકથી ચાલુ)

**શ્રી અરવિન્દની સાધનામાં સહાય :**

શ્રી માતાજીના આગમન પછી શ્રી અરવિન્દની સાધનામાં વેગ આવ્યો. હવે તેઓ પૂર્ણ સમય સાધનામાં આપી શકતા હતા. શ્રી અરવિન્દની સાધના પ્રકૃતિના રૂપાંતરની સાધના હતી. જડતત્ત્વમાં પરમાત્માના આવિર્ભાવની સાધના હતી. ઉત્ક્રાન્તિ પ્રમાણે પહેલાં જડતત્ત્વ સર્જાયું, પછી પ્રાણતત્ત્વથી સંચાલિત પ્રાણીઓ આવ્યાં અને પછી મનસતત્ત્વ પ્રગટતાં મનની ચેતનાવાળા મનુષ્યો સર્જાયા. અત્યારની આ માનવજાતિ મનની શક્તિથી સંચાલિત છે. મનની શક્તિ અપૂર્ણ હોઈ આ માનવજાતિ અપૂર્ણ છે, મર્યાદિત ચેતનાવાળી છે. હવે ઉત્ક્રાન્તિના નિયમ પ્રમાણે હજારો વર્ષો બાદ મનથી ઉપરની પરમાત્માની પૂર્ણ શક્તિ પ્રગટતાં એ શક્તિથી સંચાલિત દિવ્યમનુષ્યો - અતિમાનવો જરૂર પ્રગટશે. પણ એ હજારો વર્ષોની લાંબી યાત્રા માનવજાતિએ દુઃખપૂર્ણ રીતે કાપવી પડે. શ્રી અરવિન્દની સાધના એ હતી કે પરમાત્માની પૂર્ણ ચેતના સ્થૂલ ભૂમિકા ઉપર એટલે કે દેહકોષો સુધી ઊતરીને સક્રિય બને, જેથી કે ઉત્ક્રાન્તિનાં હજારો વર્ષો ટૂંકાઈ જાય અને દિવ્ય-દેહવાળી, પ્રકાશિત મન અને પરમાત્માની સંકલ્પશક્તિવાળી, બધાં જ દુઃખોથી મુક્ત એવી અતિમાનવજાતિ અસ્તિત્વમાં આવે. શ્રી અરવિન્દ પોતાના મન, પ્રાણ અને દેહની ભૂમિકામાં પરમાત્માની આ પૂર્ણશક્તિ જેને તેમણે અતિમનસ નામ આપ્યું તેને ઉતારવાની સાધના કરી રહ્યા હતા. આ સાધના તદ્દન જુદા જ પ્રકારની હતી. અત્યાર સુધી આવી સાધના કોઈએ કરી ન હતી. એમાં ઘણી મુશ્કેલીઓ રહેલી હતી. આ મુશ્કેલીઓ વિષે તેમણે એક પત્રમાં લખ્યું હતું કે ''સાધનામાં આ મુશ્કેલી છે એ જો મને પહેલાં બતાવવામાં આવ્યું હોત તો હું સાધના વિષે ઓછો ઉત્સાહી બન્યો હોત, પણ જો મેં સાધના ત્યાં જ મૂકી દીધી હોત તો જે ખરેખરું કાર્ય છે તે થાત જ નહીં. એકવાર સ્થૂલમાં વિજય પ્રાપ્ત કરી શકાય, તો પછી મારા પછી જે લોકો આવશે તેમના માટે આ કાર્ય સહેલું બનશે.'' શ્રી

અરવિન્દ ચેતનાના તદ્દન અજાણ્યા પ્રદેશોનું ખેડાણ કરી રહ્યા હતા. તેમાં મન અને પ્રાણની ભૂમિકા ઉપર અતિમનસ ચેતનાનું અવતરણ શક્ય બન્યું, પણ એ સ્થાયી થતું ન હતું. એ ગાળામાં શ્રી માતાજી આવ્યાં, શ્રી અરવિન્દની સાધનામાં જોડાઇ ગયાં. શ્રી અરવિન્દની સાધનાને વેગ મળ્યો. શ્રી અરવિન્દે જણાવ્યું હતું કે જે સાધનાને દશ વર્ષ લાગે તે સાધના શ્રી માતાજીના આગમનને કારણે તેઓ ફક્ત એક જ વર્ષમાં કરી શક્યા.

શ્રી માતાજીના આગમનને કારણે સ્થૂલ-ભૂમિકામાં, સાધકોના બાહ્યજીવનમાં, તેમની આંતરિક-સાધનામાં, સર્વત્ર આમૂલ પરિવર્તન આવવા લાગ્યું, સહુની સાધનાને વેગ મળ્યો. શ્રી અરવિન્દ અતિમનસ-શક્તિને મન અને પ્રાણની ભૂમિકા ઉપર સ્થાયી કરવાની ભગીરથ સાધના કરી રહ્યા હતા, પણ તેનું નક્કર પરિણામ આવતું ન હતું. આ શક્તિને કેવી રીતે સ્થાયી કરવી તેનો માર્ગ શ્રી અરવિન્દ શોધી રહ્યા હતા. શ્રી માતાજીએ ગુહ્યવિદ્યાના, થેંઓ સાથેના પોતાના અનુભવોની વાત કરતાં કહ્યું કે જડતત્ત્વ પર જો સીધું કામ કરવામાં આવે તો આધાર સ્થિર થાય. જ્યાં સુધી જડતત્ત્વ પર સીધું કાર્ય નહીં થાય ત્યાં સુધી કોઈ રૂપાંતર સ્થાયી બની શકશે નહીં. શ્રી અરવિન્દને માર્ગ મળી ગયો. હવે તેમણે સાધનાનું સ્વરૂપ બદલી નાંખ્યું. મન, પ્રાણદ્વારા જડતત્ત્વ પર કામ કરવું શરૂ કર્યું. ૧૯૨૬ના ૨૪મી નવેમ્બરે મનની સર્વોચ્ચ ભૂમિકાની શક્તિ જેને શ્રી અરવિન્દ અધિમનસ ચેતના કહે છે તેનું અવતરણ શ્રી અરવિન્દના દેહમાં એટલે કે સ્થૂલ-ભૂમિકા પર થયું અને અતિમનસના દેહભૂમિકા પરના અવતરણની હવે શક્યતા બની આવી. આમ, શ્રી અરવિન્દની મહાન સાધનામાં શ્રી માતાજીની સહાય મળતાં એ સાધના ખૂબ ઝડપથી મહાન સાક્ષાત્કારની દિશામાં આગળ વધવા લાગી. ત્યાર બાદ યોગ બાહ્ય-ચેતનાની ભૂમિકા ઉપર ઊતરી આવ્યો અને અવચેતન અને અચેતનમાં દિવ્ય- શક્તિ લાવવાનું કામ શરૂ થયું.

**શ્રી અરવિન્દ આશ્રમની સ્થાપના :**

શ્રી અરવિન્દ આશ્રમ એ માતાજીનું સર્જન છે. શ્રી અરવિન્દ પોતાના બે ચાર શિષ્યો સાથે એક મકાનમાં રહીને સાધના કરી રહ્યા હતા, ત્યારે તો તેમને આશ્રમ સ્થાપવાની એવી કોઈ ઇચ્છા નહોતી. પરંતુ શ્રી માતાજી આવ્યાં. શ્રી

અરવિન્દના યોગદર્શનમાં ઊંડો રસ ધરાવનાર સાધકો પણ આવવા લાગ્યા. શ્રી માતાજીએ એમની સાધનાની જવાબદારી પોતાના હસ્તક લીધી અને તેમાંથી ધીમે ધીમે આશ્રમનો આવિર્ભાવ થયો. એમાં પણ ૧૯૨૬ની ૨૪મી નવેમ્બરે શ્રી અરવિન્દને દેહની ભૂમિકા પર અધિમનસ-શક્તિના અવતરણની સિદ્ધિ મળી અને આગળની સાધના માટે તેમને સંપૂર્ણ એકાંતમાં જવું અનિવાર્ય જણાયું, ત્યારે તેમણે આશ્રમમાં રહેતા બધા સાધકોને જણાવ્યું કે ''આજથી હું મારી સાધના માટે એકાંતવાસમાં જઇ રહ્યો છું. હવે શ્રી માતાજી બધાંની સંભાળ રાખશે. તમારે હવે એમને જ જણાવવાનું. તેઓ જ હવે મારું પ્રતિનિધિત્વ કરશે. તેઓ જ સઘળું કામ કરશે.'' આવી જાહેરાત કરીને તેઓ તો સંપૂર્ણ એકાંતમાં જતા રહ્યા. વરસમાં ચાર દર્શન દિવસ સિવાય તેઓ કોઈને ય મળતા ન હતા. અરે, પોતાના ઉપરના ઓરડામાંથી તેઓ કદી નીચે પણ ઊતર્યા નહોતા ! એ સમયે જે ચોવીસ સાધકો હતા તેઓ સર્વ હવે શ્રી માતાજીના માર્ગદર્શન હેઠળ સાધના કરવા લાગ્યા, પણ શ્રી અરવિન્દ આશ્રમ હજી ત્યારે વ્યવસ્થિત રૂપે અસ્તિત્વમાં આવ્યો ન હતો. (ક્રમશઃ)

---

(પૃ.૧૮ ઉપરથી)

## શ્રી અરવિન્દ : પોતા વિષે

તંત્રમાં ચેતનાનાં (કુંડલિનીના) આરોહણ ઉપર ભાર મૂકેલો છે. પણ તેઓ કુંડલિની-શક્તિનું અવતરણ પણ (કાદિમાર્ગમાં) માન્ય રાખે છે. પણ આ બીજો પ્રકાર બહુ પ્રચલિત નથી એ વાસ્તવિકતા પણ છે.

સારાંશ, પૂર્ણયોગમાં યોગિક-અનુભૂતિઓ સામાન્ય શારીરિક-ચેતનાની દૃષ્ટિએ વર્ણવેલી છે, તેથી અવતરણ-આરોહણની ઘટનાઓ વધારે સ્પષ્ટ જણાય છે. તંત્રમાં પણ તે જ દર્શન સ્વીકારેલ છે તેથી તે પણ તેવી જ ભાષા વાપરે છે.

શ્રી અરવિન્દે આગળ જણાવેલું છે કે (પૃ.૧૧૪ ઉપર) વેદાંત ઘણી વખત આત્માની સ્થિતિની દૃષ્ટિ અને સામાન્ય-ચેતનાની દૃષ્ટિને જોડીને વર્ણન કરે છે. તેથી શબ્દોના વિરોધાભાસોને વળગી રહેવા કરતાં તેની પાછળની અનુભૂતિઓને જ સમજતાં શીખવું મહત્ત્વનું છે. (શબ્દબ્રહ્માતિવર્તતે - ગીતા) સામાન્ય માનવ માટે શ્રી અરવિન્દની ભાષા વધારે સ્પષ્ટ લાગે છે, તેથી જ તે યોગ સામાન્ય માનવ વધારે સમજતો થયો છે.

# જાગો મા જાગો સપ્ત પદ્મે

- શ્રી લલિતભાઈ મિસ્ત્રી

જોગો મા જાગો કુલકુંડલિની, તમે નિત્યાનંદ સ્વરૂપા ,
પ્રસુપ્ત ભુંજગાકારા, તમે મૂલાધાર-પદ્મે સ્થિતા.
જાગો મા જાગો તમે સ્વાધિષ્ઠાન-પદ્મે જીવન-રૂપા,
સર્વ જીવ જનની તમે, નિમ્ન-પ્રાણે સક્રિય થતાં.
જાગો મા જાગો મણિપૂર-પદ્મે, ઊર્ધ્વ-પ્રાણે રાંચતા,
અજ્ઞાને છાયા છતાં, આદર્શોના માર્ગે લઈ જતાં.
જાગો મા જાગો પ્રેમમયી, તમે હૃદય-પદ્મે પ્રગટ થતાં,
ચૈત્યરૂપે ચૈતન્યમયિ તમે, ભક્તિ-પંથે ડગ ભરતાં.
જાગો મા જાગો તમે, વિશુદ્ધિ-ચક્રે સ્વભાવ-દોષ નિવારતાં,
વાગ્વાદિની બની તમે, અમ વાણી-શક્તિ વધારતાં.
જાગો મા જાગો તમે, આજ્ઞાચક્રે દૃઢ-સંકલ્પરૂપે વિરાજતાં,
કર્મ-શક્તિ વાહિની બની, કદા અચલ-બ્રહ્મે વિરાજતાં.
જાગો મા જાગો સહસ્રદલે, તમે પર-બ્રહ્મ-દ્વાર ખોલતાં,
શિવ-શક્તિની એકતા કરી, તમે પરમ-તત્ત્વે લઈ જતાં.

(માનવના સૂક્ષ્મ શરીરમાં સાત યોગચક્રો રૂપી સપ્ત કમળો છે. કમળ એ ચેતનાના ખિલવણીનું પ્રતિક છે. આ સ્વરૂપમાં તે પ્રવેશી આપણી ચેતનાની સપ્ત-ક્ષમતાઓ વિકસાવે છે. આમ મા ભગવતી જ યોગ-સાધના આપણી અંદર કરતા હોય છે.

માનવમાં પ્રથમ માનસિક અથવા બૌદ્ધિક, આધ્યાત્મિક સમજણ વાંચન, સત્સંગ, મનન-ચિંતન દ્વારા પ્રગટે છે. પણ માનવનાં અન્ય તત્ત્વો તો અજ્ઞાનની અમાસથી ઘેરાયેલાં હોય છે. આ છે અમાસને દિવસે માનસિક-સમજણના દિવા પ્રગટાવી ઉજવાતી માનવી-દિપાવલી.

જ્યાં સાધના દ્વારા આપણા સ્વરૂપનાં પાંચ ભૌતિકતત્ત્વો, પંચ-પ્રાણ અને અંતઃકરણ આ અગ્યાર તત્ત્વોમાં પેલી આધ્યાત્મિક સમજણ ચેતનાની સ્થાયી અવસ્થા રૂપે વિકસે છે ત્યારે આ અગ્યાર તત્ત્વો રૂપી દેવોની દેવ-દિવાળી અગ્યારસે ઉજવાય છે. આમ દિપાવલી પાછળ રૂપાંતરની કલ્પના રહેલી છે. કવિ આ વસ્તુ સમજાવવા માંગે છે - તંત્રી)

# માતૃવાણી
- શ્રી માતાજી

## અવતરણો

# કાળ - પ્રગતિ - પૂર્ણતા - સફળતા - અંતિમ વિજય

(માતૃવાણી ભા.૧૫, પૃ.૬૦-૭૦)
(ચર્ચાના મુદ્દા સંક્ષેપમાં)

પ્રકરણ - ૧૯

**સમજૂતી** - માનસિંહ ચાવડા

### કાળ (ભૂત, ભવિષ્ય, વર્તમાનકાળ)

૧ ભૂતકાળનો ઉપયોગ ભવિષ્યની પ્રગતિના સ્પ્રિંગ બૉર્ડ જેવો થવો જોઈએ. પૃ.૬૦

૨ ભૂતકાળની અનુભૂતિ ટકાવવા વિશાળ અને ઉચ્ચતર-ચેતનામાંની એકાગ્રતાને નબળી પાડી નિમ્નચેતનામાં ન આવો. પૃ.૬૦

૩ પ્રભુના પૂર્ણ આવિર્ભાવ માટે ભૂતકાળને ભૂંસવાની અને નવસર્જનને આવકારવાની ટેવ પાડો. પૃ.૬૦

૪ ભૂતકાળની સ્મૃતિઓએ પ્રગતિ કરાવવાની ક્ષમતા ગુમાવી દીધેલી હોય છે. પૃ.૬૦

૫ સ્વરૂપમાં અખંડ પ્રગતિ માટે ઉપયોગી સ્મૃતિઓ જ કાયમી રહેવી જોઇએ. તેમને કાયમી-સ્મૃતિ કહે છે. પૃ.૬૦

૬ લાગણીપ્રધાન સ્મૃતિ એટલે એવી સ્મૃતિઓ જેમાંના સંજોગોએ પ્રભુ-પ્રાપ્તિમાં મદદ કરી હોય. પૃ.૬૦

૭ ભૂતકાળને ભૂતકાળ જ રહેવા દો. પ્રભુને કરેલાં સમર્પણમાં જ એકાગ્ર થાઓ. પૃ.૬૧

૮ પ્રભુકૃપા હોય તેમનો ભૂતકાળ વહેલો છૂટી જાય છે. અન્યોને તે છોડવા 'કઠોર તપસ્યા' કરવી પડે છે. પૃ. ૬૧

૯ જ્યારે વ્યક્તિ વૈશ્વિક-સંવાદના સંપર્કમાં રહે છે ત્યારે કોઈપણ છાપ સ્વીકાર્યા વગર તેનો સમય પસાર થાય છે. વિશાળતા ભૂતકાળની નાશક છે. પૃ. ૬૨

૧૦ વર્તમાન ક્ષણ અગત્યની છે, કારણ તેમાં ભૂતકાળ કે ભવિષ્યકાળ નથી. પૃ. ૬૨

૧૧ આજની આશાઓ આવતી કાલના સાક્ષાત્કારો છે. પૃ. ૬૩

૧૨ દરેક નવપ્રભાત એક નવીન-પ્રગતિની શક્યતા લાવે છે. પૃ. ૬૩

## પ્રગતિ

૧ પ્રગતિ સર્જનમાં દેખાતો પ્રભુનો ભાવ હોય છે. પૃ. ૬૩

૨ પ્રગતિ કરવા આપણે પૃથ્વી ઉપર છીએ.

૩ અભીપ્સા બંધ પડે અને પ્રાપ્તિનો સંતોષ પ્રાપ્ત થાય એ મૃત્યુ તરફ પ્રયાણ છે. પૃ. ૬૪

૪ પ્રગતિ કરવાની તક શોધતા રહો. પૃ. ૬૪

૫ તમે શું બનવું છે તેનો વિચાર કરો અને પ્રગતિ કરો. પૃ. ૬૪

૬ બીજાની પ્રગતિ કરાવવા પોતે પ્રગતિ કરવી એ જ શ્રેષ્ઠ માર્ગ છે. પૃ. ૬૫

૭ સ્થગિતતા એટલે વિઘટન. વૃદ્ધિ પામતી પૂર્ણતા તરફ આગળ વધો. પૃ. ૬૫

૮ પ્રગતિશીલ વ્યક્તિ અને સંસ્થા જ જીવંત કહેવાય. પૃ. ૬૫

૯ રૂઢિચુસ્ત માણસો નવીન-પ્રગતિનો વિરોધ કરે છે, તેથી નિરાશ ન થાઓ. પૃ. ૬૫

૧૦ વિશ્વની આગેકૂચ એક મોટા સાક્ષાત્કારની પૂર્વતૈયારી છે. પૃ. ૬૫

૧૧ સૌથી મોટી મુશ્કેલી સહુથી મહાન વિજય લાવે છે. પૃ. ૬૬

## પૂર્ણતા

૧ પૂર્ણતા અંતરાત્મામાંથી આવે છે, અપૂર્ણતાઓને જોડવાથી નહિ. પૃ. ૬૬

૨ પૂર્ણતા એક વધતી જતી સંવાદિતા છે, સમતા છે. પૃ. ૬૬

૩ પૂર્ણતાનો અંત નથી. તેનાથી કાંઈક વધારે સારું કરી શકાય જેને પ્રગતિ

કહેવાય છે. પૃ. ૬૬

૪ પૂર્ણતા પોતે શાશ્વત-સ્થિર વસ્તુ છે. જગતની ઉત્ક્રાંતિ તેને ઉત્ક્રાંતિશીલ, પ્રગતિશીલ બનાવે છે. પૃ. ૬૬

૫ આપણી ગ્રહણશીલતાનું પ્રમાણ અને ઊર્ધ્વ-શક્તિના આવિર્ભાવનું પ્રમાણ એકબીજાને અનુરૂપ, અનુકૂળ અને સપ્રમાણ હોય ત્યારે તે ક્ષણની પૂર્ણતા પ્રાપ્ત થઈ કહી શકાય. પૃ. ૬૬

૬ પૂર્ણ બનવું એટલે પ્રભુ-ઈચ્છાનુસાર બનવું. પૃ. ૬૬

૭ પૂર્ણતાની તૃષા એટલે પૂર્ણતાની અભીપ્સા. પૃ. ૬૬

૮ પોતાનો પ્રયત્ન ચાલુ રાખવો તે સફળતાની શક્તિ છે. સફળતા માટે જ આપણે પ્રયત્ન કરતા નથી, પણ સફળ થવું જરૂરી પણ છે. આપણો પ્રયત્ન પૂર્ણતા માટે છે. પૃ. ૬૭

**સફળતા**

૧ તમારી જાતને કે અન્યને ખુશ કરવા પ્રયત્ન ન કરો. પ્રભુને ખુશ કરવા પ્રયત્ન કરો. પૃ. ૬૭

૨ સંજોગોનો સત્ય માટે ઉપયોગ કરી અનુરૂપ ફાયદો લો. પૃ. ૬૮

૩ સફળતા કરતાં તેમાં રહેલી સત્યતા જ મહત્ત્વની છે. પૃ. ૬૮

૪ ધીરજતા સાથેની મહેનત અને સમર્પણભાવ સત્ય અને સફળતા બન્નેને લઈ આવે છે. તે અતિમાનસ-કાર્યોમાંની સફળતા છે. પૃ. ૬૮

૫ સફળતામાંથી નિર્લેપ બની પસાર થાઓ તે અઘરું છે. પૃ. ૬૮

૬ સફળતાની ઘડીમાં જ પોતાની જાત કરતા ઉપર ચડો. પૃ. ૬૮

૭ સફળતાનો આનંદ વિરોધી-શક્તિઓને કામ બગાડવા સક્રિય કરે છે અને તમારી ગતિની અભીપ્સાને મંદ પાડી દે છે. તેવું થવા ન દેતા કામ કર્યે જ જાઓ. તેમાં પ્રગતિ કેમ કરવી તેનો જ વિચાર કરો. પૃ. ૬૮ (ક્રમશઃ)

This issue is sponsored by
**Shri Lalitbhai Mistry of U.S.A.**

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## આપણા સ્વરૂપની સૂક્ષ્મ વાસ્તવિકતાઓ

પ્રકરણ - ૧૨

(Savitri B-1, C-4, P. 52)

Just is her claim the all-witnessing Gods approve,
Clear in a greater light than reason owns:
Our intuitions are its title-deeds;
Our souls accept what our blind thoughts refuse.

શારીરિક - ચેતનાએ જે વિચાર્યું છે અને જે દિવ્ય-હક્કની તે માગણી કરી રહી છે તે ખરેખર ન્યાટ્ય જ છે (Just) પ્રભુ જે બધાનાં જ અંતર્યામી છે, બધું જ જોય છે, સમજે છે તેની પણ તેને સંમતિ જ છે (Gods approve) શારીરિક ચેતનાને જે વિશાળ અને સ્પષ્ટ સમજણ આપવામાં આવી રહી છે તે માટે આંતરપ્રેરણાઓમાં પુરાવાઓ કે આધાર અપાતા નથી. તર્ક-સંગતતા દર્શાવાતી નથી. પણ સીધે સીધું નિર્ણાયાત્મક જ્ઞાન આપવામાં આવે છે. તેમાં બુદ્ધિના કોર્ટમાં આધાર-પુરાવા સાથે કેસ ચાલતો નથી, પણ નિર્ણાયક જ્ઞાન સાથે આંતરિક ખાતરી પણ આપવામાં આવે છે. હૃદય શંકાકુશંકા લઈ જ શકતું નથી. તે જ્ઞાનનો એવો વિશાળ, શુદ્ધ અને સ્પષ્ટ પ્રકાશ ધરાવે છે કે તેની સામે તર્કપ્રધાન બુદ્ધિનું જ્ઞાન વામણું લાગે, ઝાંખું લાગે. તેથી આવા જ્ઞાનને બુદ્ધિ આધાર-પુરાવા વગરનું જાણી તેને સત્ય તરીકે નકારે છે એ સ્વાભાવિક વસ્તુ છે. પણ તેથી આવું આંતરિક જ્ઞાન ધરાવતી વ્યક્તિ જરા પણ વિચલિત થતી નથી. શારીરિક ચેતના સામે બુદ્ધિએ કરેલા બધા તર્કો નિષ્ફળ બની ગયા છે.

આપણને આવતી આંતરપ્રેરણાઓ એ તેના જાણે દસ્તાવેજી પુરાવા છે (title deeds) આપણો અંતરાત્મા આવા જ્ઞાનને સહજ રીતે સ્વીકારી લે છે એ જ તેની

સત્યતાનો પુરાવો છે.

Earth's winged chimeras are Truth's seeds in Heaven,
The impossible God's sign of things to be.
But few can look beyond the present state
Or overleap this matted hedge of sense.
All that transpires on earth and all beyond
Are parts of an illimitable plan
The One keeps in his heart and knows alone.

પાર્થિવ-ચેતનાને, અર્થાત્ શારીરિક ચેતનાને જે કાલ્પનિક ઉડાન લાગે છે, કલ્પના-જગત જ લાગે છે (Chimeras = સિંહનું માથું, બકરાનું ધડ અને સાપની પૂંછડી ધરાવતો ગ્રીક પુરાણમાંનો એક મહાકાય રાક્ષસ) તેમાં પણ સ્વર્ગીય સત્યોનાં બીજ હોય છે એ હકીકત હોય છે. સારાંશ, શારીરિક-ચેતનાને અશક્ય લાગતી વસ્તુઓમાં પણ સત્ય હોય જ છે. તે વસ્તુઓ જે વર્તમાનકાળમાં અશક્ય લાગે છે (Impossible) તે જ ઘણી વખત ભવિષ્યની વાસ્તવિકતા બને એવી પ્રભુએ સહી કરીને મંજૂરી આપેલી વસ્તુ હોય છે. પણ આવું ભવિષ્યનું દર્શન કરનારા અને સમજનારા વિરલા જ હોય છે. લોકો તો વર્તમાનકાળની શક્યતાને જ સત્યની મર્યાદાઓ સમજી બેઠા હોય છે. તે મર્યાદા વર્તમાન જ્ઞાનની હોય છે, સત્યની નહિ; એ તફાવત તેઓ સમજી શકતા નથી. જે આવી વર્તમાન શક્યતાઓને જ સત્ય માને છે તેઓ ઇન્દ્રિયોની વર્તમાન મલિન, નિર્બળ મર્યાદાઓથી (matted hedge) ઉપર ઊઠી જ શકતા નથી (overleap). વાસ્તવિકતા એ છે કે આ ધરતી ઉપર જે પ્રગટ (transpires) થાય છે તે અથવા સૂક્ષ્મ જગતોમાં પ્રગટ થાય છે તે બધું જ એક વિશ્વવ્યાપી આયોજનના ભાગરૂપે પ્રગટ થતું હોય છે અને તે બધું જ પ્રભુનાં હૃદયમાંની સંકલ્પશક્તિમાંથી રચાએલું હોવાથી (keeps in his heart) તે પ્રભુ જાણતાં જ હોય છે. સારાંશ, જે કાંઈ અહીં કે ઉપર અસ્તિત્વમાં છે તે પ્રભુની સંકલ્પશક્તિના કારણે હોવાથી તે સત્ય જ હોય છે. માનવે પોતાની માન્યતા મુજબ પાડેલી સત્ય, અસત્યની સીમારેખાને ખરેખર કોઈ મહત્ત્વ જ નથી. જે માટે પ્રભુનો સંકલ્પ હોય છે તે સત્ય હોય છે. પ્રભુનાં સંદર્ભોમાં જ સત્ય-અસત્યનો નિર્ણય લેવાય છે, માનવની માન્યતાના

સંદર્ભમાં નહિ.

Our outward happenings have their seed within,
And even this random Fate that imitates Chance,
This mass of unintelligible results,
Are the dumb graph of truths that work unseen:
The laws of the Unknown create the known.

આપણને જે બાહ્ય જગતમાં ઘટના થતી દેખાય છે તેનું મૂળ આ રીતે પ્રભુના આંતરિક સંકલ્પમાં હોય છે. અરે, આ આકસ્મિક ઘટના નસીબજોગે બનતી લાગે છે અને આસપાસ હજી અણઉકેલી અસંખ્ય વસ્તુઓ તે બધા પ્રભુના મૂક આયોજનની જ (dumb graph) રચનાઓ હોય છે. પણ તેમનું મૂળ કારણ સત્ય તો દેખાયા વગર જ આ બધું કામ પાર પાડતું હોય છે. વાસ્તવિકતા એ છે કે અજ્ઞેય વસ્તુએ કરેલું આયોજન જ જ્ઞાત વસ્તુઓને નિર્માણ કરતું હોય છે.

The events that shape the appearance of our lives
Are a cipher of subliminal quiverings
Which rarely we surprise or vaguely feel
Are an outcome of suppressed realities
That hardly rise into material day:
They are born from the spirit's sun of hidden powers
Digging a tunnel through emergency.

આપણા ભૌતિક જીવનને ઘાટ આપતી ઘટનાઓ તો એવા પરપોટા (cipher) માત્ર છે જે આ ભૌતિક જીવન પાછળ રહેલ સૂક્ષ્મ જીવનમાં થનારી ધ્રૂજારીને કારણે નિર્માણ થતાં હોય છે (Subliminal Quiverings) આવું આપણા જીવનનું આપણાથી અજાણ એવું સૂક્ષ્મ સ્તર છે, એ જ આપણને ખબર હોતી નથી અને તેથી તેનો આછેરો પણ અનુભવ કવચિત્ જ આવે છે. ખરેખર તો આ ભૌતિક, બાહ્ય જીવન એ અવ્યક્ત (Supressed) વાસ્તવિકતાઓનું જ પરિણામ કે અભિવ્યક્તિ- સ્વરૂપ હોય છે. તે અવ્યક્ત વાસ્તવિકતાઓ આ ભૌતિક જીવનમાં ભાગ્યે જ પ્રગટ થાય છે. તે વાસ્તવિકતાઓ આત્માની ગુપ્ત પ્રકાશમય શક્તિઓએ રચેલી હોય છે. તે શક્તિઓ જ આ ભૌતિક જીવનમાં પ્રગટ થવા પોતાનો માર્ગ ચાતરવા પ્રયત્ન કરતી હોય છે.

# યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

## અનુભૂતિઓની સત્યતા
(ભા.-૧, પૃ.૧૯૪-૨૦૮)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

દેવો એક જ આત્મતત્ત્વના તેની આત્મશક્તિનાં વિવિધ પાસાંઓને ધારણ કરનાર વિવિધ વ્યક્તિસ્વરૂપો છે. દરેક દેવ આત્મતત્ત્વના એક પાસાનો સાક્ષાત્કાર કરાવી શકે છે. પ્રૉફેસર સોરલી જે દેવોની વાત કરે છે તે તો નિમ્ન-ભૂમિકાઓ ઉપરનાં નાનાં નાનાં દૈવી-સત્ત્વો અને આસુરી-સત્ત્વો છે. તેમના પ્રભાવમાં આવવું એટલે સાધનાની ભૂલ-ભૂલામણીમાં પ્રવેશવા જેવું છે. તે વધુ સંઘર્ષ લાવે છે. જગતમાં તો અસંખ્ય શક્તિઓની લીલા ચાલી રહી છે. તેમને સમગ્ર રીતે સમજવી એ બહુ જ કપરું કામ છે.

સાચી સમજણ લાવવા શાંતિની જરૂર હોય છે અને તેવી શાંતિ સ્થાપવાના વિવિધ માર્ગો છે. તે દૃષ્ટાભાવ કેળવી શાંતિ પ્રાપ્ત કરવાની જ્ઞાનયોગની પ્રક્રિયા છે. તો ઊર્ધ્વમાંથી નીરવતાનું અવતરણ કરાવવું એ પણ એક માર્ગ છે. ઘણી વખત સાધકના પ્રયત્નને ઊર્ધ્વમાંથી દિવ્યકૃપા પોતાના હસ્તક લઈ લે છે.

અનુભૂતિઓ વ્યક્ત કરવા ગૂઢવાદીને પ્રતીકો અને રૂપકોની પણ મદદ લેવી પડે છે. કારણ અનુભૂતિ મનોમય અને બૌદ્ધિક-ચેતનાના ઉપરના સ્તરની ચેતનામાં થયેલ હોય છે અને તેમાંની વસ્તુઓ શબ્દોમાં સમજાવવી, અભિવ્યક્ત કરવી તેમને મુશ્કેલ જાય છે.

મનોમય-ચેતના સતત સૂક્ષ્મ-આંદોલનોથી અસ્થિર જ રહે છે, પણ આપણે તે અનુભવી શકતા નથી. પણ તેમાં સત્યનું પ્રતિબિંબ પડે છે તે આ અસ્થિરતાને કારણે વિકૃત બની જાય છે. પ્રશાંત મન એવી સ્થિતિ છે જેમાં આવા સૂક્ષ્મ આંદોલનો પણ હોતાં નથી.

તેવી જ વાત પ્રકાશિતતા બાબત છે. તે રૂપક નથી પણ સૂક્ષ્મ-ઇન્દ્રિયોને ખરેખર પ્રકાશ અનુભવાતો હોય છે. શ્રી અરવિન્દ પ્રશાંત મનની પ્રકાશમયતાની વાત કરે છે ત્યારે તેમની અભિવ્યક્તિમાંનાં શબ્દો રૂપકો તરીકે નથી હોતાં પણ વાસ્તવિકતાનું વાસ્તવિક વર્ણન જ હોય છે.

આનો અર્થ એ કે અનુભૂતિનાં વિવિધ સ્તરો છે. એક સ્તરમાં રૂપકાત્મક લાગતા શબ્દો રૂપક હોતાં નથી પણ વાસ્તવિકતા હોય છે. બીજો સ્તર એવો છે કે ત્યાં આવા શબ્દો ખરેખર રૂપક તરીકે જ વાપરેલાં હોય છે.

આમાંનો પહેલો પ્રકાર સાચી આધ્યાત્મિક-અનુભૂતિઓનો છે જ્યારે બીજો પ્રકાર મનોમય-અનુભૂતિઓનો હોય છે.

તેથી આધ્યાત્મિક-ક્ષેત્રની અનુભૂતિઓમાં બુદ્ધિનું માર્ગદર્શન જોખમકારક પુરવાર થાય છે. તે અનુભૂતિઓને બંધ કરી દે છે અથવા કલ્પનારાજ્યમાં રમે છે.

સારાંશ, આધ્યાત્મિક-અનુભૂતિઓની સ્વતંત્રતા ટકાવી રાખવી જરૂરી છે. પ્રૉ. સોરલી એમ માને છે કે અનુભૂતિઓ બુદ્ધિથી પરના ક્ષેત્રની હોય એ માન્ય છે પણ તેની અભિવ્યક્તિ તો બુદ્ધિના ક્ષેત્રની જ હોય છે. તેથી અભિવ્યક્તિના ક્ષેત્રમાં બુદ્ધિનું માર્ગદર્શન જરૂરી છે.

શ્રી અરવિન્દ આ વસ્તુમાંથી બીજી વસ્તુને યોગ્ય માનતા નથી. બધી જ અભિવ્યક્તિઓ બુદ્ધિના ક્ષેત્રની જ હોય છે એ તેમને માન્ય નથી. ઉપર જે આધ્યાત્મિક-અનુભૂતિઓ વર્ણવી છે તેની અભિવ્યક્તિ પણ તેની સાથે જ આવતી હોવાથી તે બુદ્ધિના પ્રદેશમાં પ્રવેશતી જ નથી. જ્યારે મનોમય-અનુભૂતિ તો બુદ્ધિના પ્રદેશની જ હોવાથી તેની અભિવ્યક્તિ બુદ્ધિના ક્ષેત્રમાંથી જ આવે છે.

આ બુદ્ધિથી પર જે ઉત્સ્ફુર્ત અભિવ્યક્તિઓ આવે છે તેનું સર્જન કોણ કરે છે એ પ્રશ્ન છે. તે અભિવ્યક્તિ પ્રકાશમય મનમાંથી આવતી હોય છે, જે સીધેસીધું સત્યને તાદાત્મ્ય દ્વારા ધારણ કરવાની ક્ષમતા ધરાવે છે.

લીઓનાર્ડ વુલ્ફે ગૂઢવાદ સામે ચાર દલીલો ઉપસ્થિત કરી છે જે નીચે મુજબની છે:

૧ માનવી-જીવનમાં જ્યારે જીવનશક્તિની ઓટ આવે છે ત્યારે જ ગૂઢવાદ અને તેની અનુભૂતિઓ નિર્માણ થાય છે.

પણ ઇતિહાસ જણાવે છે કે જીવનશક્તિની પૂર્ણ-અવસ્થાઓમાં પણ રહસ્યવાદ પ્રગટ થયો છે. પૂર્વ-ઐતિહાસિક કાળ અથવા વૈદિક કાળમાં જીવનશક્તિની પ્રચુરતા જ હતી.

૨ આધ્યાત્મિક-અનુભૂતિની સત્યતા માટે કોઈ પ્રત્યક્ષ મજબૂત પાયો નથી. જેમ ભૌતિક-વસ્તુના અસ્તિત્વ બાબત પુરાવો હોય છે તેવો પુરાવો ત્યાં હોતો નથી.

પણ ઘણી વસ્તુઓનો ભૌતિક પુરાવો ન હોવા છતાં આપણને તેમનું અસ્તિત્વ સ્વીકારવું પડે છે. દા.ત. શાંતિનો અનુભવ. ગૂઢ અનુભૂતિઓ જ અતિ ભૌતિક-વસ્તુની હોવાથી તેમનો ભૌતિક-પુરાવો માગવો એ જ મૂર્ખતા છે.

૩ આધ્યાત્મિક-અનુભૂતિઓના આધારે સ્થાપેલા સિદ્ધાંતોને કોઈ બૌદ્ધિક આધાર નથી.

પણ આપણા સ્વરૂપનો અમુક ભાગ અવચેતન અને અચેતનમાં વિસ્તરેલો છે. તે પ્રમાણે ઊર્ધ્વમાં પરાચેતનમાં પણ વિસ્તરેલો છે જે નવી નિયતિનું સર્જન કરવા સક્ષમ છે. જીવનની બધી વસ્તુઓ તર્કના ક્ષેત્રમાં પડતી જ નથી.

૪ સમજાવી શકવાની અક્ષમતા ઢાંકવા જ આંતર-પ્રેરણાનાં બહાનાં રચવામાં આવે છે.

જ્ઞાનાર્જનની જે વિવિધ શક્તિઓ છે તે પૈકી આંતરપ્રેરણા પણ એક શક્તિ છે અને તેનો અનુભવ ઘણાને આવે છે, તેથી તેને પણ માન્ય રાખ્યા વગર છૂટકો નથી. તેમનાં સત્યો પણ ઈતર સત્યો જેવાં જ હોય છે.

અનુભૂતિઓ બહુ ઓછા વ્યક્તિઓને આવે છે તેથી તેને ખોટી ઠેરવી શકાય નહીં.

---

(પૃ.૨૦ ઉપરથી) **યોગ પર દીપ્તિઓ**

પોતાના પ્રગટીકરણના આવિર્ભાવ માટે કરે છે. આ કરણોની શુદ્ધિ દિવ્યતા અને અંતે, જીવાત્મા સાથે 'ઐક્ય' જ સાધનાના તબક્કાઓ છે.

શ્રી અરવિન્દ માનવ-પ્રાણીને સાવિત્રીમાં વર્ણવતા જણાવે છે કે :

This bodily appearance is not all;
The form deceives, the person is a mask;
Hid deep in man celestial powers can dwell.
- Sri Aurobindo (Savitri P.23)

ભાવાનુવાદ
નથી સઘળું આ શરીર માનવતણું;
ઓઢીને અંચળો બનતી વ્યક્તિ, સ્વરૂપ તો છેતરામણું;
વસે દિવ્ય-શક્તિઓ, માનવ-હૃદય એ નજરાણું.

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

પ્રકરણ - ૧૯
(પૃ.૧૧૨-૧૧૩)

## પ્રાચીન યોગોમાં અવતરણની ઘટના

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1. I never heard of silence descending in other Yogas... the mind goes into silence. P. 113
2. It is like the rising above the head and taking the station there. P. 113
3. Wideness must have been felt in the old Yogas because otherwise one could not feel the universe in oneself. P. 113
4. Raj-yoga lays stress on Samadhi as the means of the highest experience. P. 113
5. The Gita distinctly speaks of being Samahit (Samadhi) and the brahmisthiti as a waking state in which one lives and does all actions. P. 113

શ્રી અરવિન્દ પોતાની અનુભૂતિને ધ્યાનમાં લઈને જ અનુભૂતિનું વર્ણન કરતા. તેમને અનુભૂતિ પ્રથમ આવી. શાસ્ત્રોના આધાર પછી જણાયા.

શ્રી અરવિન્દને કોઈકે પ્રશ્ન પૂછેલો કે આપણા યોગમાં શાંતિ અવતરણ પામે છે કે મન આપણું શાંતિના ઊર્ધ્વ-સ્તરે જઈને સ્થિર થાય છે ? તેમણે જણાવેલું કે પ્રાચીન યોગોમાં અવતરણની પ્રક્રિયાના ઉલ્લેખો નથી. રાજયોગ સમાધિમાં પ્રવેશવાની જ વાત કરે છે પણ જાગૃત અવસ્થામાંની સમાધિ લાગતી નથી પણ જ્ઞાનયોગમાં જાગૃત અવસ્થામાં જ શાંતિ, પ્રકાશ અને બ્રહ્માનંદના અનુભવો થાય છે એમ જણાવેલ છે.

આ બાબતમાં વાસ્તવિકતા શું છે?

શ્રી અરવિન્દે પોતાના જવાબમાં જણાવેલું કે શાંતિના અવતરણનો સ્પષ્ટ ઉલ્લેખ પ્રાચીન શાસ્ત્રોમાં તેમણે જોયો નથી. ગીતા શાશ્વત શાંતિમાં જઈ પહોંચે છે એવો ઉલ્લેખ કરે છે. (શાશ્વત શાંતિમધિગચ્છતિ) જો અધિગચ્છતિનો અર્થ નીચે અવતરણ કરવું એમ કરીએ તો કદાચ તે ઉલ્લેખ થઈ શકે.

પ્રાચીન યોગો શાંતિ, આનંદ આત્મતત્ત્વમાં છે અને તે ઊર્ધ્વમાં છે એવું માન્ય કરે છે. (ઊર્ધ્વમૂલમ્ - ગીતા)

શ્રી અરવિન્દને પોતાની સામાન્ય ચેતના જે હૃદયમાં કે મસ્તકમાં અનુભવાતી હતી તે યોગાભ્યાસ બાદ મસ્તકની ઉપર સ્થિર થયેલી અનુભવાયેલી, તેથી તેમણે તેને ચેતનાના આરોહણની ઘટના દર્શાવેલી. તે અવસ્થામાં શાંતિ, પ્રકાશ, આનંદ રહેલાં છે એવો તેમનો અનુભવ હતો. સાધના આગળ વધતાં તેમને તે જ વસ્તુઓ શારીરિક-તત્ત્વમાં પણ, કોષોમાં પણ અનુભવાવા માંડી, તેથી તેમણે તેને અવતરણની ઘટના તરીકે વર્ણવી. અન્ય પ્રાચીન યોગોમાં સ્પષ્ટ ઉલ્લેખો નથી. એ વસ્તુસ્થિતિ છે, પણ તેમનાં મંતવ્યો તે મુજબનાં જ હોવાની શક્યતા માત્ર છે; કારણ બ્રહ્મચેતના મસ્તકની ઉપર દસ આંગળ અંતરિક્ષમાં રહે છે એવા ઉપનિષદોના સ્પષ્ટ ઉલ્લેખો જોવા મળે છે. (અત્યતિષ્ઠતદશાંગુલમ્)

વિશાળતાની અનુભૂતિ બાબત પણ તેવું જ છે. પ્રાચીન યોગોમાં વિશાળતાના તો સ્પષ્ટ ઉલ્લેખો છે, નહીં તો સમગ્ર વિશ્વ પોતામાં સમાયેલું છે એવો અનુભવ ન આવત તેમ જ શારીરિક-ચેતનાથી મુક્તિનો પણ અનુભવ ન આવત. 'અનંત બ્રહ્મ' આવો અનુભવ પણ ન આવત.

રાજયોગ સમાધિ ઉપર ભાર મૂકે છે એ સાચું છે. પણ ગીતા સમાધિ એ જાગૃત- અવસ્થામાં પ્રાપ્ત થતી સ્થિતિ છે એવું સ્પષ્ટ જણાવે છે. સમાધિસ્થ માણસ કેવું બોલેચાલે છે એ અર્જુનનો પ્રશ્ન જ આ વાત સ્પષ્ટ કરે છે અર્થાત્ તે વખતે સહજ-સમાધિ, જાગૃત-સમાધિ લોકોમાં પ્રચલિત હતી એ સ્પષ્ટ છે. યોગવાશિષ્ટ્યમાં સમાધિને 'જાગૃત-સુષુપ્તિ' તરીકે વર્ણવી છે; એનો ખૂબ જ સ્પષ્ટ ઉલ્લેખ છે. ગીતાએ તે માટે 'સમાહિત' અથવા 'બ્રહ્મસ્થિતિ' શબ્દ વાપર્યો છે.

(અનુ.પૃ.૬ ઉપર)

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

# ચેતનાનાં સ્તરો અને વિભાગો

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૨ પર આધારિત)
પ્રકરણ - ૨૨

## અંતઃકરણ

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- તમારી અંદર જે મનોમય પુરુષ છે તે અંતઃકરણમાં જે કાંઈ બનતું હોય છે..... તેનું નિરીક્ષણ કરે છે..... તેના ઉપર પોતાનો ચુકાદો આપે છે. પૃ.૨૨
- ચૈત્યપુરુષ..... અંતઃકરણ પ્રવૃત્તિઓનું અવલોકન કરે છે..... તે જ્ઞાન મેળવે છે તે સાક્ષીત્વ કરતાં ઘણી વધારે સીધેસીધી રીતે, તથા જ્યોતિર્મય રીતે પ્રાપ્ત કરે છે. પૃ.૨૨
- ..... જ્યારે તે (ચૈત્યપુરુષ) તમારી પ્રકૃતિમાં આગળ પડતો ભાગ લેવા માંડે છે કે તરત પ્રકૃતિની સાચી અને ખોટી ક્રિયાઓ તે સ્પષ્ટપણે છતી કરે છે. પૃ.૨૨
- માનવ અંતઃકરણમાં..... (૧) ..... આંતર મનોમય-ચેતના અંતરની પ્રાણમય તથા સૂક્ષ્મ અન્નમય-ચેતના એમના આધારરૂપ ચૈત્યપુરુષ તથા (૨) મન, પ્રાણ અને શરીરની ચેતનાની બનેલી નરી બહિર્મુખ પ્રકૃતિ જેનો આશ્રય લઈને અંતરનાં સૂક્ષ્મ કરણો પોતાની અભિવ્યક્તિ કરે છે. પૃ.૨૨
- પરંતુ, આ સર્વે કરણોથી પર જીવાત્મા છે, જે ઉપર જણાવેલાં સઘળાં કરણોનો ઉપયોગ પોતાના આવિર્ભાવ માટે કરે છે. પૃ.૨૨
- આ જીવાત્મા ભગવાનનો પોતાનો દિવ્ય અંશ છે. પૃ.૨૨

માનવ-સ્વરૂપમાં સપાટી પર અને અંતઃકરણમાં રહેલાં તત્ત્વો તેની ગતિવિધિઓ અને પુરુષો બાબત શ્રી અરવિન્દ જણાવી રહ્યાં છે. સૂક્ષ્મ તેમ જ સ્થૂળ બન્ને સ્વરૂપોને ધ્યાનમાં રાખીને 'માનવસ્વરૂપ'ને સાધનામાં યોગ્ય રીતે સમજી લેવાનું છે.

સાધક આંતર-જગતમાં ઉતરતાં જ જાણે છે કે મન છે તે વસ્તુઓનું નિરીક્ષણ કરીને પોતાનો નિર્ણય આપે છે, પ્રાણ પણ પોતાની રીતે જ વર્તીને દોરવાય છે. અન્નમય એટલે કે પાર્થિવ ચેતના પણ પોતાની ટેવો મુજબ ઘરેડમાં ચાલે છે. છતાં આ નિર્ણય આપવાની ક્ષમતા છે તે જ દર્શાવે છે કે તેમાં કોઈક એવું મૂળભૂત તત્ત્વ છે અથવા તો કેન્દ્ર છે તેને યોગસાધનામાં 'પુરુષ' કહેવાય છે. 'પુરુષ' એ ખાસ વિશિષ્ટ રીતે વપરાતો શબ્દ છે. મનોમય-ચેતનાના આવિર્ભાવ કેન્દ્રને 'પુરુષ' કહેવામાં આવે છે. પુરુષ આંતર કે બાહ્ય પણ હોય શકે છે. તે જ રીતે પ્રાણમય અને અન્નમય પણ પુરુષો છે. આ જ રીતે દિવ્ય ચેતના - વિજ્ઞાનમય ચેતનાના આવિર્ભાવ કરવાનું કેન્દ્ર પુરુષ છે - 'ચૈત્યપુરુષ'. ચૈત્યપુરુષ પણ મનોમય - પુરુષની જેમ જ બધું સાક્ષીભાવે નિરીક્ષણ કરતો હોય છે. પરંતુ તે પ્રભુનો અંશ હોય તેની કાર્ય પદ્ધતિ દિવ્યરીતની હોય છે. તેને સીધું અને દિવ્યજ્ઞાન હોય છે અને તેથી તે પોતાના વિસ્તારમાં અને પોતાનાથી સંચાલિત થતી પ્રકૃતિમાંથી સારા-નરસા, દિવ્ય-અદિવ્ય કાર્યો અને પ્રક્રિયાઓને જુદાં પાડીને પરિત્યાગ અને વિકાસની ક્રિયાઓ કરે છે.

જે રીતે વૈશ્વિક-મનનાં અંશ માનવમાં પ્રગટ થાય છે અને તે સ્તરનાં કેન્દ્રિય પ્રગટીકરણને મનોમય પુરુષ કહે છે તે જ રીતે અક્ષરપુરુષનો પ્રતિનિધિ માનવમાં 'ચૈત્ય' એટલે કે 'જીવ' રૂપે આવેલ છે. તે વિજ્ઞાનમય ચેતનાનો પુરુષ છે. તેનું મૂળભૂત કાર્ય પ્રકૃતિને દિવ્ય બનાવીને પોતાની સાથે એકરૂપ, અવિભાજીત કરવાનું છે. આવા 'ચૈત્ય' આસપાસ દિવ્ય રીતે બંધાયેલી પ્રકૃતિનાં અવિભાજ્ય સ્વરૂપને શ્રી અરવિન્દ 'ચૈત્યપુરુષ' કહે છે. તે સતત દિવ્ય-વિકાસ કરતો રહે છે.

વળી અંતઃકરણના ભાગો પણ ચેતનાનુસાર, મનોમય, પ્રાણમય અને સૂક્ષ્મ અન્નમય અને બહિર્મુખ પ્રકૃતિનુસાર મન, પ્રાણ અને શરીરની ચેતના સ્વરૂપે આવેલા છે. મૂળભૂત ચેતનાના જ આવિર્ભાવનાં સાધનો આંતરિક અને બાહ્યરીતે માનવ-સ્વરૂપમાં આ રીતે આવેલાં હોય છે. આ સઘળાં કરણોનો ઉપયોગ 'જીવ'

(પૃ.૧૬ ઉપર)

# ઉપનિષદો - શ્રી અરવિન્દ

## ઉપનિષદનું આયોજન

(પૃ.૨૭-૨૮)

1 The Upanishads, being vehicles of illumination and not of instruction, composed for seeker who had already a general familiarity with the ideas of the vedic and vedantik seers and even some personal experience of the truths. P. 27

2 Every verse in the Isha. Upanishad reposes on... ideas implicit in the text but nowhere set forth explicitly. P. 27

3 Its conclusion is suggested by the words... The reader... was supposed to proceed from light to light confirming his intuitions and verifying by his experience. P. 27

4 The central idea of the Upanisad which is reconciliation and harmony of fundamental opposites, is worked out systemically in four successive movements of thought. P. 27

5 First movement ' In the first, a basis is laid down by the idea of the one and stable spirit (verse, 1 line 1) on this conception the rule of a divine life for man is founded (verse 1 line 2)... The justification of works and of the physical life on the basis of an inalienable freedom of the soul (verse-2)... Finally... the right manifestation of the one in the multiplicity is declared to be an involution in states of blind obscurity after death (verse-3) P. 27-28

6 Second movement 'The ideas of the first verse are resumed and amplified (verse 4-5)... The man identifies himself with the cosmic and transcendental self and is identified in the self... with all its becoming' (verse 6, 7) P. 28

7 Third movement ' The justification of life and works (subject of

verse-2) and an identification of their divine fulfilment... The inner law of all existence declared to be by his conception and determination (verse-8)... Vidya and Avidya Becoming and not becoming are reconciled by their mutual utility to the progressive self-realisation. P. 28

8 Fourth movement ' The supreme Truth and Immortality (verse 15, 16) the activities of life (verse-17) and the state after death (verse-18) are symbolically indicated.

ઈશોપનિષદ શીખવવા માટે લખ્યું નથી. તે ભણવાનો વિષય નથી, પણ જે લોકોને વૈદિક-વિચારો અને સિદ્ધાંતો ખબર છે અને તેમને સાધના કર્યા પછી થોડા ઘણા અનુભવો પણ આવ્યા છે તેમને ફક્ત સંક્ષિપ્ત સૂચનો કરવા જ તે લખાયેલું છે, જેથી સાધક પોતાની અનુભૂતિઓ અને આંતરપ્રેરણાથી જે સૂચવ્યું છે તેની પોતે જ આંતરિક રીતે ખાતરી કરી લે.

તેથી આ ઉપનિષદમાં એકાદ શબ્દથી ઘણું બધું સૂચવેલ છે જે શબ્દોમાં ક્યાંય વ્યક્ત કરેલ નથી.

આ ઉપનિષદનો કેન્દ્રિય હેતુ છે અધ્યાત્મમાં વિરોધાભાસી દેખાતાં સત્યોની સંવાદિતા અને મેળાપને થોડાકમાં સમજાવી દેવાનાં.

તે માટે ઉપનિષદે વિચાર અને તર્કને ચાર તબક્કે વિકસાવ્યો છે :

**૧ પ્રથમ તબક્કો :**

પ્રથમ અંતિમ સત્ય અને વાસ્તવિકતા એક જ છે અને તે સનાતન સ્વરૂપની છે તેનું પ્રતિપાદન કરેલ છે. તે પ્રથમ શ્લોકની પ્રથમ પંક્તિમાં જ કરેલ છે. એના આધારે દિવ્ય-જીવનનો સિદ્ધાંત આપેલ છે કે જેથી દિવ્ય-જીવન વ્યવહારમાં સત્ય બને. આત્મતત્ત્વ પોતે પૂર્ણ સ્વતંત્ર છે તેથી તેને કર્મો કે ભૌતિક-જીવન બાંધી શકતા જ નથી તેવો વિચાર મૂક્યો છે તેમ જ મૃત્યુ પછી વ્યવહારમાં માન્ય કરેલી આત્માની વિવિધ અભિવ્યક્તિઓ શમી જાય છે એમ કહ્યું છે.

**૨ બીજો તબક્કો :**

આ તબક્કામાં પ્રથમ શ્લોકમાં જે પ્રતિપાદન કરેલ છે તેને જ વધુ વિસ્તારથી

સમજાવવામાં આવે છે (શ્લોક ૪-૫) તેના આધારે સાધક નિરાકાર પરમચેતના સાથે પોતાને એકરૂપ કરે છે. તે વિવિધતા ત્યાગતો નથી પણ તેને એક જ તત્ત્વની વિભિન્ન અભિવ્યક્તિઓ ગણી સ્વીકારે છે. (શ્લોક ૬-૭)

**૩ ત્રીજો તબક્કો :**

કર્મ અને ભૌતિક-જીવનનો સ્વીકાર કરવામાં આવે છે અને તેઓ દિવ્ય-પ્રભુના આયોજન રૂપ જ છે અને તેમનો ઉદ્દેશ પૂરો કરે છે એમ જણાવે છે. બધું પ્રભુએ જ રચેલું છે એવું જણાવવામાં આવે છે. (શ્લોક ૮) વિદ્યા અને અવિદ્યા, સર્જન અને વિસર્જન બન્નેનો વ્યક્તિથી કરાતી સાધનામાં જરૂરી છે. તે સાધના અંતે મર્ત્યભાવને અમર્ત્યભાવમાં પલટી નાખે છે.

**૪ ચોથો તબક્કો :**

પરમ-સત્ય અને સનાતન-તત્ત્વ, તેમનાં કાર્યો અને આ જીવન તથા મૃત્યુ પછીની સ્થિતિ (શ્લોક ૧૫-૧૬ અને ૧૭ અને ૧૮) આ રીતે સાંકેતિક રીતે દર્શાવવામાં આવ્યા છે.

---

(પૃ.૩ ઉપરથી)

## પ્રાર્થનાઓ અને ધ્યાન

પણ તેઓએ માનવજાતિની પ્રગતિમાં એક ડગલું ખચિત આગળ ભરેલું હોય છે. તેઓ આવું કાર્ય કરી શકે છે કારણ તેઓ આંતરિક રીતે તારી સાથે એકરૂપ થઈને જ જીવન જીવતા હોય છે.

તેમનો પ્રયત્ન ખાસ હેતુથી હોય છે. એક જ ‘તત્’ જગતમાં અસ્તિત્વ ધરાવે છે, તેનો એક અંશ અવ્યક્ત છે અને એક અંશ જગત સ્વરૂપે આવિર્ભાવ પામ્યો છે. આ બન્ને ‘તત્’નો તેઓ પોતાના જીવનમાં સમન્વય સાધતા હોય છે. તેઓ આંતરિક રીતે પેલા અવ્યક્ત ‘તત્’ સાથે એકરૂપ બની ગયા હોય છે અને બાહ્ય જીવનમાં પેલા પોતામાં આવિર્ભાવ પામેલા ‘તત્’ સાથે એકરૂપ થઈને તેને અસ્સલરૂપમાં પ્રગટ કરવા કર્મો કરતા હોય છે. આમ, દ્વિવિધ એકરૂપતામાં જે આનંદ આવતો હોય છે તેમાં જ તેઓ મહાલતા હોય છે.

માતાજી કહે છે કે તે લોકો પેલા હજી અપ્રગટ અથવા વિકૃત રીતે પ્રગટ થએલા ‘તત્’ને પૂર્ણ શુદ્ધ સ્વરૂપે પ્રગટ કરવાની અભીપ્સા સાથે જ જીવતા હોય છે.

## સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

# દુઃખ બાબત ભારતીય કલ્પના

પ્રકરણ - ૨૮

(ખંડ-૧, પૃ.૧૪૮-૧૫૩) (તા.૨૫.૬.૨૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**શ્રી અરવિન્દ :** ગીતા આસુરી-તપની વાત કરે છે. શરીરને વ્યર્થ પીડા આપવી એટલે તેમાં રહેલ પ્રભુને પીડા આપવા બરોબર છે. પ્રભુ પાસેથી બધું આવે છે નો અર્થ છે કે એક જ અનંત તત્ત્વોનાં તે રૂપો છે. અનંત તત્ત્વ સાચું છે તેના રૂપો જેટલા પ્રમાણમાં અનંતતા પ્રગટ કરે તેટલા પ્રમાણમાં જ સત્ય હોય છે.

**શિષ્ય :** જો બધું ભગવાન તરફથી આવે છે એવું વલણ હું રાખું તો તે સાધનામાં ઉપયોગી નીવડે ?

**શ્રી અરવિન્દ :** આધ્યાત્મિક લાભ મળતો હોય તો દરેક પ્રકારનું વલણ સાચું જ છે. દા.ત. દુઃખ આવ્યું છે તો પ્રભુ ઈચ્છે છે કે મારે તેમાં નિર્લેપ રહેતા શીખવું જોઈએ. પણ સાચી વાત એ છે કે દુઃખ આવે છે કારણ કે માણસનો કોઈક ભાગ તેને કોઈક રીતે નોતરે છે, ડર અને આશંકા પણ નોતરવાનો જ પ્રકાર છે.

**શિષ્ય :** મારે અનંત તત્ત્વની એક ગતિનો સ્વીકાર અને અન્ય ગતિનો અસ્વીકાર શા માટે કરવો જોઈએ ? અને અસ્વીકાર કરવો યોગ્ય છે તો તે કેવી રીતે જાણી શકાય ?

**શ્રી અરવિન્દ :** પ્રભુની તમારી પાસેથી અપેક્ષા છે કે તમે વિવેક કરતા શીખો. તમારી ચેતનાને જે દિવ્યતા આપે તેનો સ્વીકાર અને પતન કરાવે તેનો અસ્વીકાર કરવો જોઈએ.

**શિષ્ય :** હું દુઃખનું રૂપાંતર આનંદમાં કરી શકું તો ?

**શ્રી અરવિન્દ :** ચેતનાના વિકાસમાં તેને પણ પ્રયોજવાથી જ તે આનંદમાં

પરિવર્તન પામે છે (માતાની બાળ-ઉછેરમાંની તકલીફોને માતા આનંદમાં ફેરવી નાખે છે. દુઃખને તપમાં ફેરવવું જોઈએ પણ તેમાં આત્મપીડનમાં આનંદ લેવાનો ભાવ ન હોવો જોઈએ, કારણ તે આસુરી-પ્રભાવનું લક્ષણ છે.

**શિષ્ય :** શું દુઃખ ઉત્ક્રાંતિનું કાયમી તત્ત્વ નથી ?

**શ્રી અરવિન્દ :** ના, તે હાલની ઉત્ક્રાંતિના તબક્કાનું લક્ષણ છે. ભવિષ્યના તબક્કામાં તે નહીં હોય. અનંત તત્ત્વને પ્રગટીકરણમાં અવરોધો આવે છે તે જ દુઃખ તરીકે પ્રગટ થાય છે. જ્યારે તે અવરોધો નહીં હોય ત્યારે દુઃખ પણ નહીં હોય, ફક્ત પ્રગટીકરણનો આનંદ જ હશે. ચેતના કોઈ પરિસ્થિતિને જ્યારે આત્મસાત કરી શકતી નથી, ત્યારે તે દુઃખરૂપ બને છે. દા.ત. શારીરિક પીડામાં આવતા સંવેદનો મને સહન થતાં નથી, તેથી જ તે દુઃખરૂપ બને છે. દુઃખ એક અનિષ્ઠનો પ્રકાર છે. બધાં અનિષ્ઠો આ રીતે જ જન્મે છે.

**શિષ્ય :** પણ જગતમાં દુઃખો શા માટે છે ?

**શ્રી અરવિન્દ :** અનંતમાં અનંત શક્તિઓ અને શક્યતાઓ છે. જ્યારે અનંત શક્યતાઓને પ્રગટ કરવા અનંતશક્તિ દબાણ લાવે છે, ત્યારે તે દબાણ દુઃખરૂપ બની જાય છે. રૂપાંતર પામવા માટેનું તે દબાણ હોય છે. આ જ ભગવાનની પોતાના માટે પોતાની લીલા છે.

**શિષ્ય :** દુઃખ પ્રગતિનો આસુરી નિયમ છે એમ આપ શા માટે કહો છો ?

**શ્રી અરવિન્દ :** દિવ્ય-જગત સંવાદિતાના આધારે પ્રગતિ કરે છે. અદિવ્ય-જગત વિસંવાદના આધારે. દિવ્ય-જગતમાં પ્રગતિ કરવાની અભીપ્સા હોય છે. અદિવ્ય-જગતમાં તેનો અભાવ. અસુરો યાતનામય તપ કરીને દેવોના જેવી સમાન શક્તિ મેળવે છે. દેવો પ્રભુના સંકલ્પ સાથે સંવાદમાં રહીને મેળવે છે. અસુરોની સાધના યાતનામય બને છે, કારણ તેઓ સદા માટે પ્રભુના સંકલ્પના વિસંવાદમાં જ જીવે છે. માનવ-જીવન બન્નેનું મિશ્રણ છે. તેણે આ બન્ને લોકો કરતાં તેમનાથી પણ ઊર્ધ્વમાં જે સત્ય છે, અને જ્યાંથી તેઓ શક્તિ મેળવે છે ત્યાં આરોહણ કરવું પડશે અને તેની પ્રેરણાને અનુસરીને જ અહીં સત્યને પ્રગટ કરવું પડશે. ત્રિગુણાતીત થવાનો આ અર્થ છે. નિમ્ન દેવો અને અસુરો બન્ને આધ્યાત્મિક-માર્ગથી ભ્રષ્ટ કરવા પ્રયત્ન કરતાં હોય છે.

**શિષ્ય :** દુઃખોને કારણે સહનશક્તિમાં વધારો થાય છે. શક્તિઓને એકાગ્ર કરવામાં આવે છે. આ ઘટના શરીરશાસ્ત્રમાંની રોગજંતુઓ જેવી છે, જેમાં રસી શરીરની રોગ-પ્રતિકાર શક્તિ વધારે છે. દુઃખ રસી જેવું કામ કરે છે.

**શ્રી અરવિન્દ :** પણ દુઃખ સ્વેચ્છાએ લીધેલી રસી નથી.

**શિષ્ય :** સુખ અને દુઃખ જોડાએલાં જ હોય તો દુઃખના ઈન્કાર સાથે સુખનો પણ ઈન્કાર થઈ જાય છે તેનું શું ?

**શ્રી અરવિન્દ :** તેથી જ ગીતા બધાં દ્વંદ્વોથી પર જવાની જ વાત કરે છે.

**શિષ્ય :** બંગાલમાં શૈવ-સંપ્રદાયના અમુક લોકો શરીરને પીડા આપે છે.

**શ્રી અરવિન્દ :** દુઃખ વિશે ખ્રિસ્તી અને ભારતીય વિચારો જુદા જુદા છે. ખ્રિસ્તીઓ દુઃખો દ્વારા આત્મપ્રભુત્વ પ્રાપ્ત કરવા માગે છે, વિશુદ્ધિ નહીં. જ્યારે ભારતીયો બન્ને માગે છે. શરીર તરફ તિરસ્કારથી જોવાની ટેવ પણ અમુક ભારતીયોમાં છે. તેઓ શરીરને બંધન માને છે. શરીરને કારણે આત્મતત્ત્વ ઉપર જે મર્યાદા પડે છે તે ભારતીયોને ગમતું નથી. તેઓ શરીરની વિશુદ્ધિ અને સ્વામિત્વ બન્ને માગે છે.

**શિષ્ય :** ખ્રિસ્તી મત મુજબ જે વધારે દુઃખી તેને તે મુજબ સ્વર્ગ મળે છે. ઈશુના વધસ્તંભ-આરોહણ પછી આ સિદ્ધાંત આવ્યો. બીજી બાજુ યુરોપિયન વૈજ્ઞાનિકો તો દુઃખને ભ્રમ જ માને છે. તેઓ કહે છેઃ તમે જો તેનો અસ્વીકાર કરશો તો તે વહેલું-મોડું અદૃશ્ય થઈ જ જશે.

**શ્રી અરવિન્દ :** તે માટે મન અને શરીરની ચેતના બન્નેએ દુઃખને નકારવું જોઈએ. બીજું, શરીરની સાચવણી અર્થાત્ આરોગ્યની કાળજી લેવી એ પણ દુઃખ-નિવારણને મદદ કરે છે અને શરીરનું સ્વામિત્વ પણ દુઃખ-નિવારણ કરી શકે છે. સાચવણી એ વ્યવહારુ માર્ગ છે. પ્રભુત્વ મેળવવું એ આધ્યાત્મિક માર્ગ છે.

**શિષ્ય :** ત્રીજો માર્ગ પણ છે. દુઃખનું રૂપાંતર આનંદમાં કરવું. તે કેવી રીતે કરી શકાય ?

**શ્રી અરવિન્દ :** સાક્ષીભાવ ધારણ કરીને અથવા પ્રભુને સમર્પિત થઈને, ત્યારે આત્માનંદ સામે દુઃખ અદૃશ્ય થઈ જાય છે.

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન
- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

## દૈનિક જીવનમાં યોગ

પ્રકરણ - ૨૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(Lights for students - P. 113-121)

**૧૦ કોઇ અસંમતિ દર્શાવે તો કેવી રીતે વર્તવું?**

સામેવાળાની અસંમતિ જોતાં જ માણસ ઉશ્કેરાઈ જઈ ઉગ્રતા પકડે છે. આ તેનો ખોટો પ્રત્યાઘાત હોય છે. ઉગ્રતા એ અહંકારની અચૂક નિશાની છે. આપણે તે વખતે અહંકારના ગુલામ થઈ જઈએ છીએ. બીજું, પ્રભુઇચ્છાથી જ બધું થાય છે. બાહ્ય સંજોગો આપણી પ્રગતિ માટે જ ગોઠવાતા હોય છે. તેમાં અસંમતિ પણ એક પ્રકાર છે. અસંમતિના પ્રસંગે વિવેક કરવો જોઈએ કે, ''જો તેઓ સાચા હશે તો તેઓ મારું ભલું જ કરે છે અને જો હું સાચો હોઉં તો મારે તેમની મૂર્ખાઇ માટે દુઃખ શા માટે લગાડવું જોઇએ?

બન્ને રીતે મને તો ફાયદો જ છે. મારે સ્થિર, શાંત અને વિવેકપૂર્ણ રહેવું એ જ યોગ્ય છે. પ્રભુ ઉપર શ્રદ્ધા રાખો, સમસ્યા પોતાનો ઉકેલ પોતે જ દર્શાવશે. ઉતાવળ કરો નહીં.

માતાજી આ ઉપાય નાના આઠ વર્ષનાં હતાં ત્યારે યોજતાં, જે આજે પણ યોગ્ય જ છે એમ માતાજી જણાવે છે. પૃ.૧૧૭

**૧૧ સમસ્યાનું નિરાકરણ કેવી રીતે કરવું?**

સમસ્યા ઊભી થાય ત્યારે તેના નિવારણનાં વિવિધ યત્નો, તે પૈકી સારો કયો તેની ગડમથલ, તે નિવારણથી થતા ફાયદા કે નુકસાન, અને બીજી અનપેક્ષિત શક્યતાઓથી ભયભીત થયા વગર ફક્ત પ્રભુ પ્રત્યે પૂર્ણ-શ્રદ્ધા અને સમર્પિતભાવ રાખી શાંત થઈ જાઓ. સમસ્યા નિર્માણ કરનારા પ્રત્યે પણ શુભભાવ ધારણ કરો. આ અવસ્થામાં સ્થિર થતાં જ થોડી જ વારમાં તમારા શાંત ચિત્તમાં યોગ્ય ઉપાયના શબ્દો પ્રગટ થશે અને તે તમે સાંભળી

અને સમજી શકશો. આ રીતે તમારી સમસ્યાનો ઉકેલ તરત આવી જાય છે. ચિત્તને શાંત કરવા ચેતનાની વિશાળતા ધારણ કરી રાખો. તેમાં પ્રકાશનું આવાહન કરો અને તેની પ્રતીક્ષામાં સ્થિર થઇ જાઓ. પ્રકાશ આવશે જ. સાથે સાથે તમારી સમસ્યાનું નિરાકરણ પણ લાવશે. પૃ.૧૧૮

**૧૨ પ્રગતિ કરવા શું કરવું ?**

તમે જેટલો પ્રયત્ન કરો છો તેટલો જ અને તેવો જ કરવાથી પ્રગતિ નહીં થાય. પ્રગતિ માટે તમારે કરતા હતા તેના કરતા વધારે પ્રયત્ન કરવો પડશે. તેના કરતા સારો પ્રયત્ન પણ કરવો પડશે. પહેલા કરતા વધારે સાચી સમજણ સાથેનો અને સાચી દિશામાં પણ પ્રયત્ન કરવો પડશે.

જો પ્રયત્ન યથાવત્ જ રહેશે તો તમે પ્રગતિ તો નહીં કરો પણ પતનની શરૂઆત થઇ જાય છે. તેથી પ્રયત્નોમાં સતત વધારો, ગુણવત્તામાં વધારો, સમજણમાં વધારો અને સાચી દિશામાં વધારો કરતા જ રહેવો પડશે.

આને કારણે તમારી તક પકડી લેવાની ક્ષમતા વધશે અને તમારી ગ્રહણશીલતાને કારણે સમજણ પણ વધતી જશે.

આને કારણે આપણા અવયવોની ક્ષમતા અને ગુણવત્તા વધુ ને વધુ પોતાની મેળે સુધરતી જાય છે. દા.ત. સ્નાયુને કસવા અને સુડોલ કરવા કસરતની તો જરૂર છે જ. સાથે સાથે તેમની ક્ષમતા અને ગુણવત્તા વધારવા મસાજની પણ જરૂર છે. પૃ.૧૧૮

**૧૩ તામસી પ્રકૃતિને બદલવા અમારે શું કરવું ?**

તામસી પ્રકૃતિ એટલે જડ, આળસુ પ્રકૃતિ. તેને માટે આપણી ચેતનાને એકાગ્ર કરીને દૃઢ સંકલ્પ-બળથી, પૂર્ણશક્તિ સાથે આપણી પ્રકૃતિને દબડાવવી પડે છે અને કહેવું પડે છે : ''આગે..... બઢો..... અર્થાત્ ચાલવાની કસરત કરો.'' જો તે આળસુ પ્રકૃતિ તે મુજબ ન વર્તે તો તેને કહો, ''અચ્છા, તને ચાલવું નથી, તો પંદરસો મીટરની દોડ શરૂ કર, બસ ! તે કહે ''આજે ઠીક નથી'' તો ઠીક છે, ચાર હજાર દોરી-કૂદકા, બસ !''

(આળસ ખંખેરવા કઠોરતાથી કાર્ય કરાવવાની ટેવ પાડવી જરૂરી છે)

અભ્યાસ કરવામાં પણ આળસ લાગે તો ઉપરનો જ ઉપાય ખાસ કરજો..... પૃ.૧૧૯-૧૨૦

(અનુ. પૃ. ૩૪ ઉપર)

# વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

## અશ્વિનીકુમાર ઈન્દ્ર અને વિશ્વદેવો
## અશ્વિનીકુમાર - સૂક્તો (ઋગ્ ૪-૪૫)

(વેદનું રહસ્ય ભા. ૧ પૃ.૧૧૧-૧૨૧)
(વેદનું રહસ્ય ભા.૧ પૃ.૩૪૦-૩૪૮)
પ્રકરણ -૧૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ વૈદિક ઋષિઓ માનવના આત્માનાં જે મુખ્ય રસો વચ્ચે અતિ નિકટ સંબંધ અને તાદાત્મ્ય સ્થાપવા માગતા હતા તે....
(૧) વિચાર અને તેના આખરી વિજયના પ્રકાશો
(૨) ક્રિયા અને તેની આખરી સર્વસાધક-શક્તિઓ
(૩) ઉપભોગ અને તેની ઉચ્ચતમ આધ્યાત્મિક-આનંદની અનુભૂતિઓ આપણા સામાન્ય ઈન્દ્રિયોમાં ઉપભોગને બદલે દિવ્ય- આનંદ સ્થપાય, તે સોમરસનું પ્રતીક છે. તે આપણા વિચાર-કાર્યનું દિવ્યીકરણ કરવાથી સિદ્ધ થાય છે. પૃ.૧૧૧

૨. ગાય, અશ્વ અને સોમરસ આ ત્રિવિધ યજ્ઞનાં પ્રતીકો છે. પૃ.૧૧૧

૩. શવસ્ એટલે બળ તે ઉપરથી બનેલું વિશેષણ એટલે શાવિર. તેનો અર્થ બળવાન. પૃ.૧૧૨

૪. રસ્ અને રશ્ ધાતુઓ (ના સમાનાર્થ વિવિધ ભાષાઓમાંના શબ્દો) રુધિર-લોહી (સંસ્કૃત) રુબર, રુટિલસ, રુફુસ (બધા જ લૅટિન શબ્દ જે બધાનો અર્થ 'રાતું') થાય છે. પૃ.૧૧૩

૫. રોદસી એટલે પૃથ્વી અને આકાશ (એવા બે પડ) પૃ.૧૧૩

૬. રુદ્રનો અર્થ 'રાતું' જેટલો સ્વાભાવિક છે, તેટલો જ ઉગ્ર, તુફાની,

નુકસાન કરનારા એ અર્થ પણ સ્વાભાવિક છે. પૃ.૧૧૩

૭ જેમ જેમ સોમરસ તેના પાત્રમાં સતત વિસ્તાર દ્વારા પ્રસરતો જાય છે તેમ તેમ સૂર્ય તેને વિશુદ્ધ બનાવે છે - (વારેણ શવસા તના.) પૃ.૧૧૬

૮ વેદમાં સ્વર્ગ શુદ્ધ માનસિક ચેતનાનું પ્રતીક છે અને પૃથ્વી શારીરિક ચેતનાનું પ્રતીક છે. પૃ.૧૧૬

૯ 'દશ યોષણાં' દસ કન્યાઓનો ઉલ્લેખ બીજી જગ્યાએ દશ ક્ષિપઃ શબ્દગુચ્છમાં કરેલ છે. ઘણું કરીને તે દશ ગાવઃ - દશ કિરણો છે. પૃ.૧૧૬

૧૦ તેના વેગીલા રથો સાથે વીર સોમ સૂક્ષ્મ-વિચારના બળથી (ધિયા અણવ્યા) આગળ વધે છે. (મેં તેનો અર્થ શારીરિક કોષો (અણવ્યા)માંની સમજણશક્તિ દ્વારા આગળ વધે છે એમ કરેલો છે.) પૃ.૧૧૬

૧૧ ઈન્દ્ર ચિત્રભાનો, ઈન્દ્ર સમુદ્ર, અનેક તેજોથી યુક્ત વર્ણવવામાં આવ્યો છે. પૃ.૧૧૭

૧૨ ઋષિ સોમયાગમાં આનંદ ધારણ કરવા માટે અને તેને સુસ્થિર કરવા માટે ઈન્દ્રને પ્રાર્થના કરે છે - (સુતે દધિષ્વ નશ્ચનઃ) પૃ.૧૧૭

૧૩ વિશ્વદેવો એટલે દિવ્ય-શક્તિઓનો વૈશ્વિક-સમુદાય. પૃ.૧૧૭

૧૪ યજમાન તે દાની વિશ્વદેવોને સોમરસ વહેંચી આપે છે. પૃ.૧૧૭

૧૫ ચર્ષ અને કૃષ બંને ધાતુઓ ચર્ અને કૃ ધાતુઓમાંથી બન્યાં છે. બંનેનો અર્થ થાય છે - કરવું, કૃષ-ખેંચવું-ખેડવું. પૃ.૧૧૮

૧૬ વૈદિક-દેવોનું સર્વસાધારણ કાર્ય છે માનવને - તેની બધી દ્રવ્ય-સામગ્રીને વધારવાનું, વિશાળ સત્યચેતનાની પરિપૂર્ણતા તથા સમૃદ્ધિ પ્રત્યે સતત વિકાસ કરાવવાનું, તેના મહાન પરિશ્રમમાં..... માનવને ટેકો આપવાનો, તેથી તેઓ 'અપ્તુરઃ' છે - જળને પાર કરનારાં છે. પૃ.૧૧૯

૧૭ માનવ - ચેતનામાં બધાં વિઘ્નોને વિદારીને સત્યની ધારાઓને વરસાવે છે. (ઋતસ્ય ધારાઃ) પૃ.૧૨૦

૧૮ આ ત્રણ મંત્રોમાં સત્યની પ્રાપ્તિ સૂચવાઈ છે, વિશ્વદેવો માનવનું વર્ધન કરે છે. પૃ.૧૧૯

૧૯ સ્વસ્ ધાતુના અર્થ બે થાય છે : (૧) આરામ કરવો (૨) આનંદ માણવો. પૃ.૧૨૦

૨૦ આનંદના પ્રવાહમાં પ્રવિષ્ટ થઈને, માનવમાં આવતી સત્યની શક્તિઓ તે વિશ્વદેવો છે. પૃ.૧૨૦

૨૧ સરસ્વતી શ્રુતિ-પ્રેરણા છે. પૃ.૧૨૦

ઋગ્વેદના પ્રથમ મંડલમાંનું ત્રીજું સૂક્ત સોમયાગને લગતું છે. તેમાંનો પ્રથમ, બીજો અને ત્રીજો મંત્ર ક્રમશઃ અશ્વિનીકુમારો, ઈન્દ્ર અને વિશ્વદેવો માટેનો છે અને ચોથો સરસ્વતી માટેનો છે. સૂક્તના અંતમાં સરસ્વતીના આવાહનમાં દેખાતો માનસશાસ્ત્રીય અર્થ આપણને વૈદિક શબ્દો સમજવામાં ખૂબ જ મદદરૂપ થશે. આ બધાં જ શરીરને દિવ્ય કરવાનું કાર્ય સાથે મળીને કરતા હોય છે.

*****

અશ્વિનીકુમારો ચેતનાનાં આરોહણ - અવતરણના સ્વામી છે.

ઋભૂઓને ઉદ્દેશીને લખેલાં સૂક્તોની જેમ અશ્વિનોનાં સૂક્તો પણ રૂપકાત્મક જ હોય છે.

અશ્વિનીકુમારોના આ સૂક્તમાં વામદેવ ત્રણ પ્રમુખ લક્ષણો કહે છે : (૧) તેમના રથની અને અશ્વોની ઝડપી ચાલ. (ના સત્યા + ગતિના સ્વામી) (૨) તેમની સોમ અને મધુ માટેની સતત શોધ (મધુમન્તો + મધુને શોધનારા) (૩) રથ દ્વારા આનંદને લાવી નિમ્નસ્તરોએ વિતરણ. (કૃતિ વહેથે - આનંદની કોથળીને લઈ આવનાર)

અશ્વિનીકુમારોની ગતિ અપ્રતિબંધિત છે. તે અવચેતનથી માંડી પરાચેતના સુધી સ્વૈર વિહાર કરી શકે છે. તે આરોહણ-અવતરણની ગતિનાં સ્વામી છે. (નાસત્યા)

તેમનો ઉષા અને સૂર્ય સાથે સંબંધ છે. તેમની મદદથી ઋત્-ચેતના મેળવી માનવો સુધી પહોંચાડવાનું કાર્ય તેઓ કરે છે અને તે રીતે તેઓ માનવીનું કલ્યાણ કરતા હોવાથી તેમને 'શુભસ્પતિ' કહ્યા છે. તે કલ્યાણ કરનારા છે.

સાધનામાં જે આંતિરક આનંદ અથવા સંતોષ મળતો હોય છે તેથી જ સાધક તપ કરીને સાધનામાં રત રહે છે. આ આનંદનો પુરવઠો કરવાનું કામ અશ્વિનીકુમારોનું છે, તેથી આ સૂક્તમાં તેઓ આનંદની મશક (ચામડાની

કોથળી) સાથે લઈ જતાં દર્શાવેલાં છે. (કૃતિ વહેથે) જાણે તેઓ સાધકના સાધનાકીય આરોગ્ય માટેનાં ફૅમિલી-ડૉક્ટર ન હોય ! તેથી તેમને વેદોમાં દેવોના વૈદ્યો કહ્યાં છે. દિવ્ય-વૈદ્યો છે અને તે કાર્યમાં તેઓ આવવા માટે ખૂબ જ તત્પર છે - 'આગમિષ્ટા' છે.

આવી રીતે ઋત્-ચેતનાનો સૂર્ય નિમ્ન ત્રિવિધ લોકને દિવ્ય બનાવતો હોય છે - (એષ સ્ય ભાનુરુ દિયર્તિ - ૧) આ તે સૂર્ય ઊગે છે.

અશ્વિનીકુમારનો રથ એટલે પ્રકાશમય મન. તેની દ્વારા જ તેઓ નીચે અવતરણ પામી કાર્ય કરે છે. તેથી સૂક્ત જણાવે છે કે (યુજ્યતે રથઃ પરિજ્મા દિવો અસ્ય સાનવિ-૧) દ્યુલોકના આ શિખર ઉપર જ રથ જોતરાય છે.

તે રથમાં તેઓ એકલાં નથી. તેમાં આનંદનાં (પૃક્ષાસઃ) ત્રણ યુગલો સાથે છે - (પૃક્ષાસો અસ્મિન્ મિથુના અધિત્રયઃ ૧) આ ત્રણ યુગલો કયાં ? મિથુના અધિત્રયઃ ના બે રીતે અર્થ થાય છેઃ (૧) ત્રણ યુગલ (જોડી) સાથે છે (૨) ત્રણ જણાનો સમૂહ સાથે છે. બન્ને અર્થ જુદી જુદી રીતે પણ એક જ અર્થ અભિપ્રેત કરે છે. ત્રણ જોડકાં એટલે (૧) મનોમય કોષ-મનોમય પુરુષો (૨) પ્રાણમય કોષ - પ્રાણમય પુરુષ (૩) પાર્થિવ કોષ - પાર્થિવ પુરુષ.

ત્રણ જણાનું એક જ જોડકું એટલે મન, પ્રાણ અને શરીર.

અશ્વિનો પોતે જે પ્રકાશમય મનનાં દિવ્યકાર્યમાં સહભાગી થાય છે તેમ ઉપરોક્ત ત્રણ જોડકાં કે ત્રણ તત્ત્વોના એક જ જોડકાને પણ તેમાં સામેલ કરે છે તેમને પણ આનંદમાં સહભાગી કરે છે.

ત્રણ ઋભુઓ બાબત જેમ તેમની દરેકની વિશેષતા જણાવી છે તેમ બન્ને અશ્વિનીકુમારો બાબત સ્પષ્ટ જણાવેલ નથી. પણ અશ્વિનીકુમારોને મળતાં આવતા તેવાં જ બેનાં જોડકાં વચ્ચેનો તફાવત સમજીએ તો તે તફાવત ધ્યાનમાં આવશે. સંસ્કૃતમાં અશ્વિનીકુમારોને દ્યુલોકના પુત્રો, દિવો ન પાતા, શબ્દ ઉપરથી ગ્રીક જોડકાનું નામ Dioskouroi તૈયાર થયું હોવાની શક્યતા છે. તે જોડકાં પૈકી મોટો ભાઈ Kashorનું નામ પ્રકાશયુક્ત - 'કશિત્' ઉપરથી બનેલું હોવાની શક્યતા છે. નાના ભાઈનું નામ Poluadeukes (પોલ્યુડ્યુકસ) કદાચ પુરદંસસ્ ઉપરથી આવ્યું છે. આ વિશેષણો અશ્વિનીકુમારો માટે જ વાપરેલ છે. (ક્રમશઃ)

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

## માનવજીવનની રૂઢિપ્રિયતા

પ્રકરણ - ૨૪

(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૩૩-૩૪)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**લોકો હજી પણ દુઃખ સાથે પ્રેમમાં છે જ્યારે એવા લોકો કોઈ એવી વ્યક્તિને જુએ છે જે દુઃખ અને સુખ બંનેથી બહુ ઉપર ઊઠેલી છે, ત્યારે તેઓ પોકારી ઊઠે છે, ''તું જંગલી છે, ગમાર છે.'' પરિણામે હજી પણ જેરૂસલેમમાં ઈસુ ખ્રિસ્ત વધસ્તંભ ઉપર લટકે છે. (૩૩)**

સામાન્ય લોકોને એમ લાગે છે કે જે માણસ તેમના દુઃખમાં સહભાગી થાય, પોતાના જેવું જ દુઃખ ભોગવતો દેખાય તો તે જ આપણા ઉપર પ્રેમ કરે છે, બીજા નહિ એવી માન્યતામાં તેઓ જીવે છે. તેથી જ્યારે તેમને ખાતરી થાય છે કે ઈશુને પણ તેમની જેમ જ દુઃખ ભોગવવું પડ્યું, એટલે તેમણે વિશ્વાસ રાખ્યો કે ઈશુ ખરેખર તેમને પ્રેમ, શાંતિ અને ભ્રાતૃત્વનો સંદેશ આપનાર તેમના જેવો જ માણસ હતો. કોઈ માણસને તેઓ સુખદુઃખથી ઉપર ઊઠીને જીવતા જોશે તો કહેશે તે માણસ નથી. નહિ તો તેને માનવની જેમ સુખદુઃખ થાત જ. માનવ ઉપર તો ઊઠી શકતો નથી, તેથી નક્કી તે જંગલી અને ગમાર હોવો જોઈએ; જેને સુખ-દુઃખનું ભાન જ નથી. અરે, માણસ કહેવાને તે લાયક નથી.

તેવી જ વાત એવા પુરુષ માટે છે. જે પાપ-પુણ્યની કલ્પનાથી ઉપર ઊઠી ગયો છે. લોકોને એમ લાગે છે કે સમાજે જે પાપ-પુણ્યના ખ્યાલો બાંધ્યા છે તે કાંઈ ખોટા નથી અને તેઓ કાંઈ મૂર્ખા નહોતા. આ માણસને નીતિનિયમોનું ભાન જ નથી. કોઈ માનવ નીતિ-નિયમોથી ઉપર ઊઠી શકતો જ નથી. નૈતિક-જીવન જ માનવની શ્રેષ્ઠતમ અવસ્થા છે, તેથી એમ માને છે કે આ તો તદ્દન અનીતિમાન

છે, સ્વચ્છંદી છે.

તેવું જ શ્રીકૃષ્ણ માટે છે. તેઓ વૃંદાવનમાં જે પાપ-પુણ્યથી ઊર્ધ્વ-ચેતનામાં રહીને જે લીલા કરતાં તે તેમને જાણે પચ્યું જ નહિ. તેમને વૃંદાવનમાં સ્થાયી થવા જ દીધા નહિ. આજે પણ કૃષ્ણ વૃંદાવનમાં રહેતા નથી. સારાંશ, માનવો પ્રભુને પોતાના સ્તરે ખેંચી લાવે છે, પોતે પ્રભુના સ્તરે ઉપર ઊઠવા જ માંગતા નથી.

તેથી શ્રી અરવિન્દ પોતાના ૩૪મા સૂક્તમાં જણાવે છે કે :

**"માનવો હજી પણ પોતાનાં પાપોને ચાહે છે, જ્યારે તેઓ પાપપુણ્યથી પર એવા કોઈ મહામાનવને જુએ છે ત્યારે તેઓ એને શાપ આપે છે અને પોકારી ઊઠે છે." અરે, આ તો બધા નીતિનિયમોનો ભંગ કરનાર, દુષ્ટ અને અનીતિમાન છે. પરિણામે હજી શ્રીકૃષ્ણ વૃંદાવનમાં રહેતા નથી.** (૩૪)

શ્રીકૃષ્ણે લોકોને પ્રકૃતિના બંધનમાંથી મુક્ત કરી આનંદ તરફ લઈ જવાનો પ્રયત્ન કર્યો. પણ લોકોને તો પ્રકૃતિનાં બંધનો જ પ્રિય હોવાથી તેની ગુલામી તેમને ફાવી ગઈ છે. તેમણે સમાજને પણ તેવો જ રાખ્યો. તેથી શ્રીકૃષ્ણને સદેહે વૃંદાવનમાં જન્મવું હજી પણ અશક્ય લાગે છે.

---

(પૃ.૨૮ ઉપરથી)

## વિદ્યાર્થીઓને માર્ગદર્શન

**૧૪ બોલકાપણા ઉપર ઉપાય શું કરવો ?**

વધુ બોલબોલ કરવાથી તમારી શક્તિ તો ખર્ચાય છે પણ સામેવાળાને તમારો કંટાળો પણ આવે છે.

જરૂરી પૂરતું બોલો એ જ સાચો નિયમ છે. તે ટેવ પાડવા પ્રથમ પગલું એ લો કે દિવસ દરમિયાન એક કલાક હું ફક્ત જરૂરી એ જ બોલીશ. તેમાં તમારી સગવડ મુજબનો એક નિશ્ચિત કલાક લોકો સાથે કામ કરતા હો તે વખતનો ખાસ લો. તેના અભ્યાસમાં પ્રથમ વાત એ આવશે કે અનિવાર્ય શબ્દો કયા છે, એ પણ મહત્ત્વનો અભ્યાસ બની જાય છે. કોઈ બોલતું ન હોય તે વખતે તમારો અભ્યાસ સારો ચાલશે, પણ વાત ચાલતી હશે ત્યારે આકરી પરીક્ષા લેવાશે. પછી જે બોલ્યા હો તેમાં તમે કયા નિરર્થક વધારાના શબ્દો બોલ્યા તે શોધી કાઢો. બીજી વખતે તે ભૂલ ન થાય તેની કાળજી લો. આમ, સમયગાળો વધારતા જાઓ, જેથી અંતે જરૂરી બોલવાની જ ટેવ પડી જશે. પૃ.૧૨૧

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૨૧૭-૨૨૬)

પ્રકરણ - ૩૩ **અવતરણો**

## દુઃખનું રૂપાંતર

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 (Suffering) That is the only kind of vibration that can pull Matter out of Inertia..... Peace and Calm have been deformed into inertia, Tamas. P.229

2 Vital, Mental, emotional suffering are due to a wrong working of the mind, These may be classified as falsehood. P.229

3 In matter, Falsehood has become ignorance i.e. there is no bad-will. P.229

4. If we want things (bliss) go fast, this crack of whip (pains) is necessary. P.230

5 This vibration of sweetness is there in a static way upon the world pressing in order to be received. P.230

6 Thought serves as an intermediary to establish a contact. P.230

7 (Thought that) The evolution which has made the suffering necessary. P.231

8 Cure of suffering coexists with the suffering..... (i.e. to cure one must evolve) P.331

9 You can enter into it (suffering) with this will, this aspiration to go through it and find..... the unvarying delight. P.232

10 The quicker we learn it, the more the need for pain diminishes. P.233

11 Pain of mind and body is a device of Nature, of Force in her working to subserve a definite transational end in her upward evolution. P.233

12 Pain is in the nature of a nervous and physical recoil from dangerous or harmful contact (i.e. Jugupsa). P.234

13 Pain and pleasure..... are currents, one imperfect, the other perverse..... of the delight of existence. P.234

14 For universal soul all things carry in them an essence of delight best described as 'Rasa' (Pain and pleaseure are) blank inability to seize the essence (delight) are the forms taken by Rasa. P.235

15 The delight solves all pains..... you only have to go deep enough within yourself to find the inner sun, to let yourself be flooded by it. P.235

16 This Sun of divine laughter, is at the centre of all things. P.236

ભૌતિક તત્ત્વ જડ છે. તમસમાં, અસંવેદન-શીલતામાં ડૂબેલું છે. તેને તેની આ તંદ્રામાંથી બહાર કાઢવા જ દુઃખનું આયોજન છે તે શાંતિ અને સ્વલીનતાનું વિકૃત થએલું રૂપ છે. પ્રાણમય મનોમય, ભાવનાત્મક દુઃખોને અસત્યનાં આંદોલનો કહેવાય છે (Falsehood) કારણ તેમાં પ્રકૃતિનો ન બદલાવાનો દુરાગ્રહ હોય છે. શારીરિક યાતનામાં આવો દુરાગ્રહ હોતો નથી, પણ તેની અક્ષમતા હોય છે.

કોઈ આંતરિક કે બાહ્ય અવયવમાં સહજ કાર્ય કરવામાં અવરોધ જન્મે છે, તે દુઃખ અને યાતના તરીકે અનુભવાય છે. આ અવરોધ એટલે ચેતનાની પ્રગતિમાં આવતો અવરોધ હોય છે. દુઃખ તે અવરોધો બાબત આપણને સભાન કરે છે, તેથી દુઃખ અને યાતના પ્રકૃતિની યુક્તિઓ છે. દુઃખથી તેમાંથી છુટકારાની અભીપ્સા જાગે છે જે પ્રગતિને ચાલના આપે છે. પ્રગતિ થતાં જ સમગ્ર જગતનાં ઊર્ધ્વમાં રહેલ આનંદ નીચે અવતરણ પામી તે વ્યક્તિને સંવાદમયતા, તૃપ્તિથી ભરી દે છે. આ આનંદને નીચે અવતરણ કરાવવાનું આપણને ઉપલબ્ધ સાધન એટલે વિચાર-શક્તિ.

દુઃખનું નિવારણ દુઃખના કારણમાં સંતાએલું હોય છે. ચેતનાના વિકાસને આગળ ધપાવવા દુઃખનો ઉપયોગ પ્રકૃતિ કરતી હોય છે, તેથી વિકાસ કરવો એ જ દુઃખ નિવારણનો ઉકેલ છે. આપણે એવો વિચાર કરીએ કે મારી પ્રગતિ કરાવવા જ દુઃખ આવેલ છે, તો આપણે પ્રગતિનાં અવરોધો શોધી કાઢવા મથશું. તે પ્રાપ્ત થતાં જ તેને નિવારવાનો ઉપાય શોધી કાઢશું અને તે રીતે અવરોધ હઠાવતા જ પેલું દુઃખ નષ્ટ થશે અને આપણી પ્રગતિને કારણે આનંદ આપણી

ચેતનામાં ઊતરી આવશે. આમ વિચાર-શક્તિ આનંદને અવતરણ કરાવી શકે છે. અવરોધો હઠાવવાને જ રૂપાંતર કહેવાય છે. રૂપાંતરથી જ આનંદ પ્રગટ થાય છે.

આપણે વિચાર એવો કરવો જોઈએ કે દુ:ખ આવ્યું એનો અર્થ પ્રગતિ કરવાની મારી ક્ષમતા છે. આથી આપણો આત્મવિશ્વાસ દૃઢ થશે અને આપણે વિકાસ કરવા પ્રયત્ન કરશું. મારે પ્રગતિ કરવી જ છે, આ સંકલ્પ સાથે દુ:ખનો અચૂક આનંદ પ્રાપ્ત થશે જ. જેટલા જલદી આ સમજશું તેટલું જલદી દુ:ખ નિવારતા આવશે.

પ્રકૃતિ આપણને આપણા અહંકારમાંથી ઉપર ઊઠવા દબાણ કરી રહી છે. આપણને તેમાંથી મુક્ત કરી પ્રભુ સાથે એકરૂપ કરવા માંગે છે. આ સમજણ આપણે આપણા મન, પ્રાણ અને શરીરના કોષોને પણ આપવી પડશે. તે જ જીવનનું ધ્યેય છે એની બધાને ખાતરી કરાવવાની રહેશે.

દુ:ખમાં આપણું નાડીતંત્ર અને શરીરનાં કોષો સંકોચાય છે જેને શાસ્ત્રો ‘જુગુપ્સા’ કહે છે. પણ આ જુગુપ્સા હઠાવી શકાય છે. કારણ દુ:ખ અને ભોગ એ આનંદનાં જ વિકૃત રૂપો છે. દુ:ખમાં આનંદ અપ્રગટ હોય છે, જ્યારે ભોગવૃત્તિમાં તે વિકૃત સ્વરૂપે પ્રગટ થાય છે.

અહંકારમાંથી મુક્ત થતાં જ અને વિશ્વ-ચેતનામાં પ્રવેશતાં જ આ વિકૃતિ અને અજ્ઞાન નષ્ટ થઈ જાય છે. વૈશ્વિક-ચેતના દરેક વસ્તુમાંથી આનંદ મેળવતી હોય છે, જેને શાસ્ત્રો ‘રસ’ કહે છે. રસનો અભાવ જ દુ:ખરૂપ લાગે છે. આનંદ બધાં જ દુ:ખોને ઓગાળી નાંખે છે, પણ તે માટે આપણે આપણા અંદર રહેલા આનંદમય પુરુષને શોધી કાઢવો પડે છે. તે આનંદથી ઊભરાતો હોય છે અને પ્રકાશમય હોય છે. તેને જ આંતિરક સૂર્ય કહે છે. આનંદમય પુરુષ દરેક વસ્તુમાં આનંદ મેળવે છે અને જીવનને હાસ્યથી ભરી દે છે.

ચેતનાની પ્રગતિ માટે દુ:ખ યાતના સહેવામાં પણ ગુપ્ત આનંદ સાધકને મળતો હોય છે. માતા જેમ પ્રસૂતિ વેદના આનંદથી ભોગવે છે તેવી જ આ વાત હોય છે. તે આનંદનો સૂર્ય બધાંમાં જ રહેલો છે. તેને શોધી કાઢવા જ આ દુ:ખ અને યાતના જીવનમાં આવે છે.

# આત્મસિદ્ધિ

- શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

## ચૈત્યપુરુષનો આવિષ્કાર

(પુસ્તિકા પૃ.૨૦-૨૩)    પ્રકરણ - ૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**૧ આ પ્રસંગે આપણી અંદર ગુપ્તપણે રહેલ ચૈત્યસ્વરૂપનો આપણા યજ્ઞના નેતા તરીકે આવિષ્કાર થાય. પૃ.૨૦**

**૨ આપણી યજ્ઞક્રિયા પાછળ જે શક્તિ અને ગૂઢાર્થ રહેલો હોય છે તેને એ સ્વરૂપ જ સાચવી જાણે છે.**

**૩ ઊર્ધ્વની શક્તિઓ આવીને આપણને આપણી મર્યાદાઓથી પર થવા અને આપણી જાતનું એક મહત્તર સ્વરૂપમાં અને વિશાળતર પ્રકૃતિમાં રૂપાંતર કરવાને સાદ દે છે.**

**૪ મનુષ્યમાં એક ખોટો (બનાવટી) કામનામય પુરુષ આત્મા તરીકે ઊભો થાય છે; સાચા અદૃશ્ય હૃદયમાં ભાગવત પ્રકાશથી કંઈક અંશે પરિપ્લાવિત થયેલો આપણો આત્મા હોય છે. તે આપણા આ તમોમય પ્રાકૃતિક દેહને ટેકો આપે છે.**

**૫ જ્યારે આ ચૈત્યપુરુષ મુક્ત થાય છે; એને પડદા પાછળથી અગ્રભાગે લાવવામાં આવે છે; ત્યારે તે પોતાની દૂરગામી દૃષ્ટિ, દર્શનો અને આંદોલનોને મન, પ્રાણ અને શરીર ઉપર વહાવી શકે છે.**

### ચૈત્યપુરુષનો જન્મહેતુ અને વિકાસ

સર્વ ક્ષત્રે અને સર્વ કક્ષાએ દૈવી-પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે દરેક વ્યક્તિમાં એક તત્ત્વનો વિકાસ થાય છે, આવિર્ભાવ થાય છે. તે ચૈત્યપુરુષ હોય છે અને

તે વ્યક્તિમાત્રની વિકાસ-પ્રક્રિયાનો નેતા હોય છે. દૃષ્ટા, અનુમંતા, ભર્તા, ભોકતા અધ્યક્ષ અને ઈશ્વર હોય છે. આ તેના વિકાસનાં છ તબક્કા છે. શરૂઆતમાં તે દૃષ્ટાની અતિ પ્રાથમિક અવસ્થામાં હોય છે, તેથી વિકાસ પ્રક્રિયાનો ફક્ત સાક્ષી બની રહે છે. તે વિકાસ પ્રક્રિયાને દિશા કે બળ પ્રેરણા આપી શકતો નથી. આ છે તેનો દૃષ્ટાભાવ. થોડોક વિકાસ થતા તે વિકાસ માટેના સુયોગ્ય ઉપાયોની પસંદગી કરવાનું સામર્થ્ય મેળવે છે તેને કહે છે અનુમંતા ભાવ. તે પછી થોડીક વધારે પ્રગતિ અને સામર્થ્ય પ્રાપ્ત કરતાં તે વિકાસ-પ્રક્રિયાને પોષણ આપી મજબૂત પાયે સ્થાપે છે. તે છે ભર્તાભાવ. હજી થોડીક વધારે પ્રગતિ થતાં તે વિકાસનાં દેખાતા પરિણામોને આનંદથી ભોગવે છે અને તેનો ઉપયોગ વધારે પ્રગતિના સાધન તરીકે કરે છે. તેને કહે છે ભોક્તાભાવ. અંતે, તે સમગ્ર વિકાસપ્રક્રિયાનું સર્વાંગી નિયંત્રણ અને સંચાલન કરવા લાગે છે. તે છે અધ્યક્ષભાવ અને અંતે, તે વિકાસપ્રક્રિયાને પૂર્ણ કરીને પોતાની સમગ્ર ક્ષમતા અને અધિકારને કાયમી સ્વભાવ તરીકે વિકસાવે છે. તે છે ઈશ્વરભાવ.

**યજ્ઞ : એક પ્રતીક**

માનવ પુરુષ અને પ્રકૃતિ બે તત્ત્વો ધરાવે છે. આ બે વચ્ચેનાં વિકસતા સંબંધોનાં આ છ તબક્કા છે. પુરુષ પ્રથમ પ્રકૃતિનો ગુલામ હોય છે અને અંતે, પ્રકૃતિનો સ્વામી બને છે. ચાકરમાંથી માલિક બનવાનો આ સમગ્ર પ્રવાસ હોય છે.

આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન દૈવી-પૂર્ણતાના પ્રભુના સંકલ્પને ચૈત્યપુરુષ પોતાની અંદર એક જલતી-જ્યોત અને પ્રકાશસ્વરૂપે, એક દિવ્ય-હાજરી સ્વરૂપે ધારણ કરી રાખે છે. તેને વિકૃત થવા દેતો નથી. તેને મલિન કે નબળી પડવા દેતો નથી. તેથી આ જ વૈદિક-યજ્ઞનું રહસ્ય છે. યજ્ઞની જ્વાલા એટલે આ ચૈત્યપુરુષમાં રહેલી દિવ્ય-હાજરીની જ્યોત. યજ્ઞકુંડ એટલે આપણી સમગ્ર પ્રકૃતિ જેમાં મન, પ્રાણ, શરીરનો સમાવેશ થાય છે. આ ત્રણ તત્ત્વો એ યજ્ઞકુંડનાં ત્રણ પગથિયાં સ્વરૂપ છે. યજ્ઞની યોનિ અર્થાત્ આહુતિ આપવાની જગ્યા એ આપણી ઇંદ્રિન્યો છે અને જીવનનાં અનુભવોરૂપી આહુતિઓ

ચૈત્યપુરુષને ઉપરનાં છ તબક્કાઓ દ્વારા વિકસિત કરે છે.

**પ્રકૃતિની મલિનતા**

આપણી પ્રકૃતિ એટલે આપણા મન (વિચારો), પ્રાણ (ભાવનાઓ) અને શરીર (કર્મો). આમને જ શાસ્ત્રો જ્ઞાન-ઈચ્છા-કૃતિ કહે છે. આ બધા અજ્ઞાનના પ્રભાવ નીચે હોવાથી પોતાની ભોગલાલસાની નિમ્ન-ગતિઓ અને ટેવોની ઘરેડમાં જ જીવતા હોય છે. આ વિકૃતિ હોવા છતાં અજ્ઞાનવશ તેને જ પોતાનો મૂળ અને સ્વાભાવિક સ્વભાવ ગણે છે, તેથી ચૈત્યપુરુષની પ્રેરણાઓને તે મૂઢ બનીને પ્રત્યુત્તર આપતાં જ નથી અથવા અશક્તિ દર્શાવે છે અથવા વિકૃત રીતે પ્રત્યુત્તર આપે છે અથવા ખુલંખુલો બંડ પોકારી વિરોધ કરે છે અથવા અસહકાર પોકારે છે અથવા આઘાપાછા થઈ જાય છે અથવા ભય પામી છળી ઊઠે છે અને અવરોધો નિર્માણ કરે છે.

**મલિનતાનું કારણ**

આ બધી મલિનતા અને તેને કારણે આવતા પ્રત્યાઘાતોનું મૂલ કારણ મલિન હૃદય હોય છે, જેને શાસ્ત્રોમાં ચિત્ત કહે છે. ચિત્ત એ આપણી જ્ઞાન મેળવવાનાં ચાર સાધનો પૈકીનું એક છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ ચાર તત્ત્વો પોતપોતાની રીતે કામ કરીને અનુભવ લેવાની પ્રક્રિયાને પૂર્ણ કરે છે. મન બાહ્ય અને આંતર-સંવેદનોને ગ્રહણ કરનારું તત્ત્વ છે અને તે ધારણ કરેલાં સંવેદનોને બુદ્ધિ સામે રજૂ કરે છે. બુદ્ધિ તેનો અર્થ લગાડે છે. તે માટે ચિત્તની મદદ લે છે. ચિત્ત અર્થઘટન કરવામાં પાછલા અનુભવોને સ્મૃતિ તરીકે બુદ્ધિની મદદમાં મોકલે છે. તેના આધારે બુદ્ધિ અર્થઘટન કરે છે. અહંકાર આ અર્થઘટન સ્વરૂપ જ્ઞાનનો ઉપયોગ જીવનમાં કેમ કરવો તેનો નિર્ણય લઈ કૃતિ કરે છે અને તે દ્વારા પોતાનો વિકાસ સાધે છે.

આ પૈકી ચિત્ત બધા જ અનુભવોના સંસ્કારોને સંગ્રહી રાખે છે અને તેમાંથી અવચેતન સર્જાય છે. આ અવચેતનમાં દરેક અનુભવ દરમિયાન અનુભવાએલાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર સ્વરૂપના વિકારો સંગ્રહાએલા હોય છે. તે જ અંતે મન-બુદ્ધિની પસંદગી, નાપસંદગી રચે છે અને તે અનુસાર મન, પ્રાણ, શરીર પોતાના ઉપર જણાવેલાં પ્રત્યાઘાતો દર્શાવે છે.

આવા વિકારોના સંસ્કારો એ જ ચિત્તની મલિનતા છે. તેને કારણે જ ચિત્ત ચૈત્યપુરુષની પ્રેરણાઓને સાચી રીતે ગ્રહણ કરી શકતું નથી. ચિત્ત આ મલિનતામાંથી મુક્ત થાય તો જ તે ચૈત્યપુરુષને સાચો પ્રતિભાવ આપી શકે, તેથી શાસ્ત્રોમાં ચિત્તશુદ્ધિનું અનેરું મહત્ત્વ વર્ણવેલ છે.

આ ઉપર જણાવેલી મલિનતાને કારણે ચૈત્યપુરુષનો ચિત્ત દ્વારા થતા અવિર્ભાવને, પ્રકટીકરણને , (મન, પ્રાણ, શરીર દ્વારા) આપણે મનોમય પુરુષ, પ્રાણમય પુરુષ અને પાર્થિવ પુરુષ કહીએ છીએ. આ બધાંના સંયુક્ત મલિન સ્વરૂપને જ કામનામય પુરુષ પણ કહે છે. કારણ તે મન, પ્રાણ, શરીરની કામનાઓ અને ઈચ્છાઓમાં જ રચ્યોપચ્યો રહે છે.

આ કામનામય પુરુષ ઉપર જણાવ્યા મુજબ મલિન હૃદય (અંતઃકરણ જે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનું સામૂહિક સ્વરૂપ છે) દ્વારા પ્રકટ થતું ચૈત્યપુરુષનું વિકૃત પ્રતિબિંબ માત્ર હોય છે. તેથી ત્યાં સાચો ચૈત્યપુરુષ જાણે હાજર હોતો નથી અથવા ખૂબ જ ઊંડે ઊંડે નિષ્ક્રિય અવસ્થામાં સુપ્ત અવસ્થામાં છે એવું લાગે છે.

---

(અનુ. પૃ.૪૩ ઉપર)

## વેદવિજ્ઞાન

આપણે સમન્વયનો માર્ગ સ્વીકારશું. જે દેવોમાં માને છે તેમની દેવો પ્રત્યેની નિષ્ઠામાં પ્રાણ પૂરશું અને તેમની દેવ વિષેની કલ્પનાને વધુ પરિશુદ્ધ કરતા જશું, જેથી તે દેવો કરતા પણ આગળ વધવાને સક્ષમ બને.

દેવોમાં પણ નિમ્નકક્ષાનાં પાર્થિવ અને પ્રાણમય દેવો છે. તેઓમાં માનવો જેવી જ ત્રુટિઓ પણ છે. તેઓને પોતાનો કોઈ ભક્ત તેમને છોડી જાય એ ગમતું નથી. ઉપનિષદો એમ કહે છે કે પોતાના ઢોરમાંનું કોઈ ઢોર બીજામાં ન ચાલ્યું જાય માટે તેઓ સંપ્રદાયરૂપી પોતાની ગોચરભૂમિને કાંટાળી વાડ બાંધીને સુરક્ષિત કરે છે.

સાધનામાં પાર્થિવ અને પ્રાણમય દેવો કરતાં અધિમનસ અને અતિમનસના દેવોની મદદ વધારે સુરક્ષિત છે. તેઓ પોતાની મર્યાદાઓ જાણે છે અને તે અતિક્રમતા નથી.

- માનસિંહ ચાવડા

# દેવોનો માનવ સાથેનો સંબંધ

પ્રકરણ - ૪

વેદકાળમાં દેવોને પરમ-ચેતનાના વિવિધ અભિવ્યક્તિઓ તરીકે ગણતા, પણ ધીમેધીમે પરમ-ચેતનાનો ખ્યાલ અને સંદર્ભ છૂટતો ગયો અને દેવતાઓની પૂરેપૂરી સ્વતંત્ર, અમર્યાદ હસ્તિ અને ક્ષમતાને માન્ય કરવામાં આવી.

દરેક માનવ પોતાની પ્રકૃતિને અનુરૂપ દેવતાને પસંદ કરીને તેને તેણે ઈષ્ટદેવ ગણવાનાં. તેની દૃષ્ટિએ અન્ય દેવો ગૌણ બની જાય છે. આ ભાવનામાંથી જ વિવિધ સંપ્રદાયો રચાયા. શરૂઆતમાં ગણપતિ, સૂર્ય, જગદંબા, શિવ, વિષ્ણુ આ પૌરાણિક દેવોના પાંચ સંપ્રદાય સ્થપાયા.તેમાં પણ શૈવ, શાકત, વૈષ્ણવ ત્રણ પ્રબળ રહ્યાં. ગણપતિ અને સૂર્યના સંપ્રદાયો અલ્પ મહત્ત્વનાં રહ્યાં.

આમાંથી દેવોના શ્રેષ્ઠ-કનિષ્ઠતાનો વાદ શરૂ થયો. શંકરાચાર્યે બધાનો સમન્વય કરવા પંચાયતન પૂજા પદ્ધતિ દાખલ કરી. તેમાં દરેકે પોતાના સંપ્રદાયની મુખ્ય દેવતાને કેન્દ્રમાં રાખી અન્ય દેવની મૂર્તિઓને ચારેખૂણે મૂકી બધાની જ પૂજા કરવાની. ફક્ત મુખ્ય પૂજા દરેકે કેન્દ્રમાં સ્થાપેલી ઈષ્ટદેવતાની જ ગણવાની. તેથી સર્વ સામાન્ય માનવ પોતાના ઈષ્ટદેવતાનું મહત્ત્વ ગણાવતા છતાં અન્ય દેવોનો તિરસ્કાર કરવાની કુટેવમાંથી બચી ગયો.

માનવ એ ઉત્ક્રાંતિમાંનું સહુથી પ્રગત પ્રાણી છે અને તે હાલમાં ઉત્ક્રાંતિના અગ્રહરોળમાં છે. દેવોનું કામ બધી જ ચેતનાને વિકસાવવાનું છે છતાં તેનું વધુ મહત્ત્વનું કામ તો માનવ-ચેતનાને જ વિકસાવવાનું છે, તેથી તેમનો માનવ સાથે ખૂબ જ નિકટનો સંબંધ આવે છે.

પ્રશ્ન એ છે કે માનવ અને દેવો વચ્ચેનો સંબંધ કયા સ્વરૂપનો હોવો જોઈએ. શું તેમને સમાન કક્ષાના મિત્રો ગણવા કે મનુષ્ય એ દેવોનો દાસ અને ગુલામ માત્ર છે?

વેદોની મૂળ ભાવનાનો પડઘો ગીતાએ ખૂબ જ સ્પષ્ટ ભાષામાં આ બાબતમાં પાડ્યો છે. તે કહે છે પરસ્પર ભાવયંતઃ શ્રેયઃ પરમવાપ્સ્યથે (૧૧/૩ ગીતા)

અર્થાત્ માનવો દેવોને પ્રેમ કરે, દેવો માનવોને. આ રીતે એકબીજાને પ્રેમ કરી જે પરમ-ચેતનાનો આવિર્ભાવ કરવો છે તે પરમ-શ્રેયને પ્રાપ્ત કરો.

આનો અર્થ દેવો અને માનવો મિત્રો છે. પરસ્પરનું હિત સાચવી બન્નેએ વર્તવું જોઈએ. બન્ને સમાન કક્ષાના છે.

દેવોને તો દિવ્યદેહ છે. તેઓ અજર અમર છે. સ્વર્ગે નિવાસ છે અને માનવો જરારોગ મત્યુથી ગ્રસ્ત છે. આ દુઃખી સંસારમાં રહે છે તો બન્ને વચ્ચે સમાનતા કઈ?

તે સમાનતા છે પરમ-ચેતનાને અભિવ્યક્ત કરવાની ક્ષમતા. દેવોમાં પરમ-ચેતનાના એક જ પાસાને અભિવ્યક્ત કરવાની ક્ષમતા છે પણ માનવમાં પરમ-ચેતનાનાં બધાં જ પાસાંઓને અભિવ્યક્ત કરવાની ક્ષમતા છે. માનસિક ક્ષમતાઓને ચાલના આપનાર તે દેવો આધ્યાત્મિક બળો છે. માનવ તરીકે આપણે માનસિક ક્ષમતાઓથી જ સાધનાની શરૂઆત કરવાની છે ત્યારે દેવોને ગૌણ અને ભૂતકાળ કહેવા એ નાસમજી છે. સાધનાની અમુક તબક્કા પછી તેઓનું કાર્ય પૂરું થતાં તેઓ સહેજ રીતે પાર્શ્વભૂમિમાં ચાલ્યા જાય છે. માનવોમાં તો દેવો કરતાં પણ વધારે પાસાંઓ અભિવ્યક્ત કરવાની ક્ષમતા હોવાથી તે દેવો કરતા પણ આગળ નીકળી જશે. પણ હાલના તબક્કે તેણે દેવોની મદદ લેવાની છે અને વિકાસ કરી લેવાનો છે.

અમુક લોકો માનવ-સ્વભાવના અતિઉત્સાહમાં અને ઉતાવળમાં દેવો તો ભૂતકાળ છે, તેમને ત્યજી દો એવો ભાવ રાખે છે. તે તેમના વિકાસમાં કદાચ યોગ્ય ગણાશે, પણ સર્વસાધારણ માનવજાત માટે આ વિચાર ઘાતક પુરવાર થઈ શકે છે. ઉતાવળે આંબા ન પાકે એ વસ્તુ અને ઉત્ક્રાંતિ એ ફક્ત મારી કે તમારી વ્યક્તિગત નથી. તે સમગ્ર માનવજાતની છે અને તેથી તેમને સાથે લઈને ચાલવું જ હિતાવહ છે. બીજાની શ્રદ્ધાને ધક્કો દેવો એ પ્રભુનો ગુન્હો છે. આ વસ્તુ પણ યાદ રાખે.

(અનુ. પૃ.૪૧ ઉપર)

# માતાજીની આપણી પાસેથી અપેક્ષા

''યાદ રાખ મારા બાળક. ઊંડે ઊંડે તારા આત્માની ગહનતામાં હું હંમેશા તારી સાથે છું. પ્રેમ અને કાળજીપૂર્વક તારા જીવન અને તારી પ્રગતિ ઉપર સતત નજર રાખું છું અને તારા લથડતાં પગલાંને દોરી રહી છું. તારું રક્ષણ કરી રહી છું.

દુનિયામાં તું ગમે ત્યાં હો, મને યાદ કરજે. મારા નામાનો જાપ કરજે. હું સર્વત્ર હાજર છું. મારી હાજરી જોવા અને અનુભવવા તારે અંતરના ઊંડાણમાં એકાગ્ર થવાનું છે. તારી ઉષ્મા થકી તું મારા પ્રેમને અનુભવી શકશે.

હું કદી ઠપકો આપતી નથી કે શિક્ષા કરતી નથી. એ મારી પદ્ધતિ જ નથી. હું તો દિન-રાત તારા હ્રદયમાં મારો પ્રેમ જ વહેવડાવું છું.

તું મારું સંતાન છે. હું તારાથી કદી ભોઠપ અનુભવતી નથી. તારી હજાર ભૂલો થાય તો પણ તરછોડતી નથી. મારું બાળક કદી નિષ્ફળ જતું નથી. તારી બધી યોજનાઓ અને સ્વપ્ન વિશે મને કહેજે. મારાથી કશું છુપાવીશ નહિ.

બેટા, તું સાથે સાથે ભલો થા અને સદા સુખી રહે તેમ જોવા હું ઇચ્છું છું. હું તમામ પ્રાણીઓનાં હ્રદયમાં વસું છું. જ્યારે તું કોઈ પ્રત્યે સદ્‌ભાવ રાખે છે, ત્યારે મારા પ્રત્યે સદ્‌ભાવના રાખે છે. સમુદ્ર સમાન ઉદાર થા, ભરી દે જગતને શુભ વિચારો અને શુભ સંવેદનોથી. સરળ અને સીધો બની રહેજે. તારા હ્રદયમાં ઊંડો ઊતરી શોધી કાઢ, મને શું ગમશે. કદી જૂઠું બોલીશ નહિ. જે કાંઈ ઉમદા અને સુંદર છે તે બધું જ હું તારી પહોંચમાં મૂકી દઈશ. સૌ પ્રત્યે ખૂબ જ શુભેચ્છા રાખજે. કોઈ પણ પ્રકારની સહાયની જરૂર પડે ત્યારે મારું સ્મરણ કરજે. પ્રભુની સેવાર્થે તારું જીવન જીવાય તો જ તે જીવવા લાયક બની રહેશે.''

- શ્રી માતાજી

- સંગ્રાહક - શ્રી ચીમનલાલ ઘીયા

# સુંદર કથાઓ

- માતાજી

## લગન

(પૃ. - ૧૭૫-૧૭૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**ચીનનો શહેનશાહ ખૂબ દયાળુ. ગરીબોને મદદ કરે. તેમની ફરિયાદ સાંભળી તેમને યોગ્ય ન્યાય અપાવે.**

**લોકો કહેતા, ''રાજાના કાન ગરીબોની ફરિયાદ સાંભળવા હરદમ તૈયાર હોય છે.''**

**થોડાંક વર્ષો પછી રાજાની ઉંમર થઈ. તેને બહેરાશ આવી. તે દુઃખી દુઃખી થઈ ગયો. બોલ્યો, 'અરેરે ! હું દુર્ભાગી છું. ગરીબોની ફરિયાદ હવે સાંભળી શકીશ નહિ, તેથી તેમને ન્યાય કે મદદ પણ આપી શકીશ નહિ. મારે તો તે કામ સમગ્ર જીવન કરવું હતું.''**

**રાજા વિચારમાં પડી ગયો, ''શું કરવું ?''**

**તેને એક યુક્તિ જડી. તેણે ઢંઢેરો પિટાવ્યો. જે ગરીબને ફરિયાદ કરવી હોય તે જ ફક્ત લાલ કપડાં પહેરી આવે તો તેને મદદ કરવામાં આવશે. આમ, તેને મૂંઝવતો તેનો પ્રશ્ન હલ થઈ ગયો હતો.**

**મહાપુરુષો પોતાનું કાર્ય લગનથી કરે છે. મુશ્કેલીઓમાં માર્ગ કાઢે છે પણ કામ બંધ પડવા દેતા નથી.**

# શ્રી અરવિન્દ મહાસમાધિ દિન - ૫ ડિસેમ્બર

- હર્ષદ ઠકરાર

શ્રી અરવિન્દ આશ્રમ અને વિશ્વમાં જ્યાં જ્યાં શ્રી અરવિન્દના ભક્તો છે તે સર્વે ૫ ડિસેમ્બરને શ્રી અરવિન્દ મહાસમાધિ દિન તરીકે ઉજવે છે. અતિમનસ ચેતનાનું જગતની પાર્થિવ ચેતનામાં અવતરણ સરળ તથા ઝડપી બને તે માટે શ્રી અરવિન્દે પોતાના પાર્થિવ દેહસ્વરૂપમાં સમાધિ ધારણ કરી છે. શ્રી અરવિન્દે તેમના પાર્થિવ દેહસ્વરૂપમાં સમાધિ ધારણ કરી હોવાથી તેમનો દેહ પાર્થિવ ન રહેતા દિવ્યચેતના સભર દેહમાં રૂપાંતરથી થયેલ છે. દિવ્યચેતનાથી સભર આ દેહને તા.૯ ડિસેમ્બરના રોજ શ્રી અરવિન્દ આશ્રમના પટાંગણમાં સમાધિસ્થ કરવામાં આવેલ છે. આ સમાધિસ્થ સ્થળ એટલે શ્રી અરવિન્દની સમાધિ છે, જ્યાં ૧૯૭૩, ૨૦ નવેમ્બરના રોજ શ્રી માતાજીના દિવ્ય-દેહને પણ સમાધિસ્થ કરવામાં આવેલ છે.

સામાન્ય રીતે મંદિર વગેરે સ્થળોએ મૂર્તિ અથવા કોઈ પ્રતીક અથવા કોઈ પણ એક આધારની સ્થાપના કરવામાં આવે છે. ત્યારબાદ તે મૂર્તિ, પ્રતીક અથવા આધારની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે. જ્યારે અહીં શ્રી અરવિન્દ આશ્રમમાં સમાધિરૂપે ખુદ પરમ ચેતના જ પ્રતિષ્ઠિત થયેલી છે. પરમ ચેતના સ્વયં પ્રતિષ્ઠિત હોવાથી આસ્તિક હોય કે નાસ્તિક સમાધિને નમન કરે છે, ત્યારે તેને પોતાના અસ્તિત્વમાં એક પ્રકારની પરમ શાંતિ, આનંદની અનુભૂતિ અનુભવે છે.

૧૯૬૯માં શ્રી માતાજીને એક સાધકે પ્રશ્ન પૂછ્યો હતો કે ૫ અને ૯ ડિસેમ્બરના દિવસો કઈ રીતે પસાર કરવા.

**શ્રીમાતાજી :** ૫ અને ૯ ડિસેમ્બર મૃત્યુ શું છે તેની સમજ કેળવવામાં પસાર કરવા જોઈએ.

મૃત્યુની સમજ કેળવવા સાધકને શ્રી અરવિન્દનું એક અવતરણ ખૂબ જ

મદદરૂપ થાય છે.

''મૃત્યુ એ જીવનને એ વાત યાદ કરાવવા આવે છે કે તેણે હજુ પોતાના સત્ત્વ સ્વરૂપને જાણ્યું નથી.''

સામાન્ય માનવજીવનને જન્મ અને મરણ સાથે જોડી દે છે અને જન્મને જ જીવન સમજે છે. ખરેખર તો જીવનનો જન્મ થતો જ નથી કે જીવનનું મૃત્યુ પણ થતું નથી. જન્મ એટલે ચૈત્યચેતનાએ આવિર્ભાવ પામી કાંઈ પણ કાર્ય કરવા માટે સ્વરૂપ ધારણ કરવું એ જ છે. જ્યારે કાર્ય પૂર્ણ કરી મૂળ પરમ ચેતનામાં તે સ્વરૂપ ધારણ કરેલ ચેતનાનું લય પામવું તે મૃત્યુ. આમ, પ્રગટ જીવન એટલે ચૈત્યચેતનાએ જન્મ ધારણ કર્યો અને મૃત્યુ પામી દેહ વિસર્જન કર્યો તે -

જીવનનું ક્યારેય પણ મૃત્યુ થતું નથી. પરંતુ જે સ્વરૂપ દેહસ્વરૂપે આવે છે તેનું મૃત્યુ છે. જીવન એ તો વહેતી નદી છે. જ્યારે પણ માનવ કોઈ પણ નદીમાં સ્નાન કરવા જાય છે ત્યારે નદીમાં પ્રથમ ડગ માંડે છે અને ગળાડૂબ પાણીમાં પ્રવેશ કરે છે, ત્યાં સુધી માનવશરીર ઉપરથી સતત પાણીના અનેક પ્રવાહો વહી જાય છે. છતાં માનવ જણાવે છે કે તેણે તે નદીમાં સ્નાન કર્યું. તે ચૈત્યચેતના જીવનમાં અનેક સ્વરૂપો લઈ આવિર્ભાવ પામે છે અને તે જીવોની ચેતના પરમ ચેતનામાં લય પણ પામે છે. જૂનાં દેહસ્વરૂપો લય પામે છે અને નૂતન દેહસ્વરૂપો આવિર્ભાવ પામે છે. આ સમજ આપે છે કે જીવન એ સનાતન કાળ વહેતી નદી છે.

આ સૃષ્ટિમાં માનવજીવો પોતાના જીવનને શાશ્વત કરી શકતા નથી, કારણ કે માનવ જીવો પૃથ્વીને જડ, અચેતન અનુભવે છે, માનવ પૃથ્વીને બ્રહ્મનું સર્જન સ્વરૂપ અનુભવી શકતો નથી, જેને કારણે માનવ પૃથ્વીમાં છુપાયેલી દિવ્ય ક્ષમતાઓને અનુભવી શકતો નથી. તેનું કારણ માનવનાં શરીર, પ્રાણ અને મનની ચેતના પૃથ્વીની ચેતના સાથે સંવાદિતા અનુભવતી નથી. જ્યારે માનવની ચેતના અને પૃથ્વીની ચેતના વચ્ચે સંવાદિતા સ્થપાશે ત્યારે માનવ શ્રી અરવિન્દે આપેલ અવતરણ ''પાર્થિવતાએ પ્રગટ કરશે આત્માનું મૂળ''નો અનુભવ કરશે.

માનવ પાર્થિવતામાં સામ્યતાને ક્યારે અનુભવી શકશે ? જ્યારે તે મૃત્યુને

ચેતનાની ઉત્ક્રાંતિ માટેનું કરણ સમજશે ત્યારે. મૃત્યુને કારણે જ અચિત્‌માંથી માનવસ્વરૂપ સુધી ચેતના ઉત્ક્રાંત થયેલી છે. આદિ માનવ કરતા હાલના માનવની ચેતના અનેક ગણી વિકાસ પામેલી, ઉત્ક્રાંત થયેલી અનુભવાય છે. માનવની ચેતનાની આ ઉત્ક્રાંતિ મૃત્યુને આભારી છે.

મૃત્યુ એ સમજાવે છે માનવની પાર્થિવ-ચેતના અને માનવના આત્માની ચૈતસિક-ચેતના જ્યાં સુધી સંવાદમાં રહે છે ત્યાં સુધી માનવનું જીવન છે. જ્યારે બન્ને ચેતના વચ્ચે વિસંવાદિતા સર્જાય છે ત્યારે આત્માએ દેહને ત્યાગવો પડે છે, જે આપણને ભગવાન યોગેશ્વર ગીતામાં સમજાવે છે :

''વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય નવાનિ ગૃહણાતિ નરોડપરાણિ।
તથા શરીરાણિ વિહાય જીર્ણાનન્યાનિ સંયાતિ નવાતિ દેહી।।

(ગીતા : અ : ૨, શ્લોક ૨૨)

માનવ જેમ જીર્ણ થયેલાં વસ્ત્રો ત્યજીને બીજા નવા વસ્ત્રો ધારણ કરે છે, તે જ પ્રમાણે આત્મા જૂના દેહસ્વરૂપનો ત્યાગ કરે છે અને નવા સ્વરૂપો ધારણ કરે છે. જ્યાં સુધી માનવની ચેતના પરમ ચેતના સાથે સંપૂર્ણ તત્ત્વથી જોડાશે નહીં ત્યાં સુધી મૃત્યુ રહેવાનું છે.

મૃત્યુ સમયે સામાન્ય માનવ અને આધ્યાત્મિક સાધકનો મૃત્યુ પ્રત્યેનો અભિગમ સ્વયં સ્પષ્ટરૂપે પ્રગટ થાય છે. સામાન્ય માનવ તેના સૂક્ષ્મ અહંકારને પોષવામાં રચ્યોપચ્યો હોય છે. જ્યારે આધ્યાત્મિક સાધકનો અહંકાર પરમ પ્રભુને સમર્પિત થયેલો હોય છે.

સામાન્ય માનવ પોતાના સગાસંબંધીના જીવવાના કોઈ પણ સંજોગો નથી છતાં પણ ડૉકટરને વિનંતી કરે છે કે દર્દીને કોઈ પણ કિંમતે જીવાડો. અમે દર્દી માટે કોઈ પણ ખર્ચ કરવા તૈયાર છીએ. આમ, સામાન્ય માનવ પોતાના સુક્ષ્મ અહંકાર પોષવા પ્રયત્ન કરે છે. જ્યારે આધ્યાત્મિક સાધકે પોતાના અહંકાર પ્રભુને સમર્પિત કરેલો હોય છે.

૫ અને ૯ ડિસેમ્બર મૃત્યુને ચેતનાની ઉત્ક્રાંતિ માટેની જરૂરિયાત સમજીને ઉજવીએ એ જ મા ભગવતીને પ્રાર્થના

ૐ શાંતિ શાંતિ શાંતિ



# શ્રી અરવિંદ

The master of existence lurks in us
And plays at hide - and - seek with his own Force;
In natures instruments loiters secret God.

Savitri B-1, C-4, P-66

## પ્રભુની લીલા

ભાવાનુવાદ

અસ્તિત્વ સમસ્તનો સ્વામી, આ જગમાંહી વિચરતો,
ક્યાંક પળ માત્રની ઝાંખી, એ છદ્મવેષે વિહરતો,
રમતો આંખ - મિચોલી ને, પોતાની શક્તિની સાથે,
પ્રકૃતિનાં સાધનો મહીં, એ ગુપ્તરીતે નિવાસે.

# ત્ર્યંબકેશ્વરમ્

(નાશિક પાસે, ગોદાવરી કાંઠે, મહારાષ્ટ્ર)



ગૌતમ ખેડે અપરાપ્રકૃતિને, જે અહલ્યારૂપ ગણાય,
અહલ્યા વણખેડી ભૂમિ રહી, તેને તેજોમયી કરાય.
ગૌતમ શિષ્ય યમરાજ તણો, શીખે મૃત્યુંજયી જ્ઞાન,
શરીરકોષે તેજ ભરી, સદા આંતર-તેજનું ભાન.
આ વિદ્યા કૌષિકી કહી, લોકે અજાણીને ગુપ્ત,
યમરાજા પાસેથી મેળવી, એ પરંપરા રહી છે સુપ્ત.
સાધના અવરોધાઈ ગઈ, કોષો બન્યાં તમોગ્રસ્ત,
ગૌતમ હારી-થાકીને, બન્યો સાધને વિરક્ત.
તે ભૂલ સુધારવા, ઋષિએ આપ્યો ઉપાય,
ત્રિવાર પ્રકાશે ભરો, અમરતા ચિત્તે સધાય.
આવા આવર્તનો કરો, જ્યાં લગી તન તમોગ્રસ્ત,
એ ઉપાયે ત્ર્યંબક મળે, ત્રણ ક્ષમતા સાથે સમસ્ત.
દર્શન, શ્રવણ ને પ્રેરણા; એ ત્રણે ક્ષમતા કહેવાય,
સાધનામાં માર્ગદર્શન મળે, અવરોધ - ગૂંચ ઉકેલાય.
તે જ ત્રિનેત્ર ત્ર્યંબક તણા, તે જ ત્રિમાત ગણાય,
આ છે ત્ર્યંબક - આરાધના, સાધના માંહે અનિવાર.


**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક**
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

**પુસ્તકો**
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

**સહજ-સત્સંગ**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**